ૐ

વિચાર સુર્યોદય

લેખક

સ્વામીશ્રી માધવતીર્થજી

© (સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.)

સાતમી આવૃત્તિ, ૨૯-૭-૨૦૦૭

પ્રત : ૫૦૦

પ્રકાશક :-

વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ, વલાદ

મુ. ફુલપુરા, પો. વલાદ

જિ. ગાંધીનગર, પીન ૩૮૨૫૫૫

મુદ્રક : સોહમ પ્રિન્ટર્સ, અમદાવાદ.



પ.પૂ. સ્વામિ શ્રી માધવતીર્થજી મહારાજ

પ્રસ્તાવના

એક જિજ્ઞાસુએ એવી માગણી કરી હતી કે વેદાંતનો વિષય ટૂંકમાં સમજી શકાય તેવું કાંઈક લખી આપો તો ઠીક; તે ઉપરથી આ પુસ્તકનાં શરૂઆતનાં પાનાં તૈયાર થયાં, તે પછી કેટલાંક પાનાં વધ્યા : એ બધાંમાં તત્ત્વનો વિચાર હોવાથી આ પુસ્તકનું નામ વિચારસૂર્યોદય રાખેલું છે.

વેદાંતનો અભ્યાસ સંપૂર્ણ કરવાની જેમની ઈચ્છા હોય, તેમણે નીચે પ્રમાણે ક્રમથી અભ્યાસ કરવો :

૧. પંચીકરણ.	૨. વિચારચંદ્રોદય.
૨. વિચારસાગર.	૩. વિચારસૂર્યોદય.
૩. વેદાંતસિધ્ધાંતમુક્તાવલિ.	૪. માંડુક્ય-શાંકરભાષ્ય

અ પ્રમાણે અભ્યાસ કરવાથી વેદાંતનો જ્ઞાનયોગ સરળ થઈ જશે. અભ્યાસની સાથે વૈરાગ્ય પણ સારો જોઈએ. કેટલોક વૈરાગ્ય હોય, તો જ વેદાંતમાં પ્રવેશ થઈ શકે છે. બાકીનો વૈરાગ્ય અભ્યાસના જોરથી ઉત્પન્ન થાય છે.

આ પુસ્તકની ચોથી આવૃત્તિમાં થોડોક વધારો કરી આ પાંચમી આવૃત્તિ જિજ્ઞાસુઓ પાસે મૂકેલ છે. ઈશ્વરકૃપાથી વાંચનારાઓને કાંઈક ઉપયોગી બાબત આમાંથી મળી રહેશે.

તા. ૧-૧૨-૫૮ સ્વામી માધવતીર્થ

નિવેદન

સ્વરૂપનો પરિચય થઇ ગયા પછી મહાત્માની દૃષ્ટિમાં જીવ - જગત કે જગદીશશ્વર કોઇ હોતા નથી. આમ છતાં મહાત્મા લોકસંગ્રહ અર્થે પ્રવૃત્તિ કરતાં જણાય છે. પૂ.માધવતીર્થ સ્વામીજીએ લોક સંગ્રહ અર્થે લખેલાં પુસ્તકોમાં આ પુસ્તક કદની દૃષ્ટિએ લઘુ છે, પરંતુ અર્થ ગંભીર છે, અને તેના અભ્યાસ માત્રથી પ્રાતિભાસિક સત્તા, પોતાના સ્વરૂપ અંગે તાત્પર્ય નિર્ણય થતાં નિરઅતિશય આનંદની સ્થિતિમાં સર્વદા ગળાડૂબ રહી શકાય તેમ છે.

અજ્ઞાનીની દશા તથા જ્ઞાનીની દશા તરફ એક વખત નજર નાખી આ પુસ્તકનો અભ્યાસ કરવાથી, સહજ રીતે ચમત્કારિક પરિણામ આવી શકે તેમ છે. આ સંદર્ભમાં પુસ્તકની સતત માંગ થતી રહી છે અને તેની આ સાતમી આવૃત્તિનું પ્રકાશન કરવાની અમને પ્રેરણા મળી છે.

આશા છે આપને આ પુસ્તકના અભ્યાસથી સાધનમાં પુષ્ટિ મળશે તથા પરમાર્થ સાધવામાં ગુરુજી અનુકૂળતા કરી આપશે.

વેદાન્ત આશ્રમ ટ્રસ્ટ

તા.૨૯-૭-૨૦૦૭

અનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ	વિષય	પૃષ્ઠ
૧	૧	૨૨ ભ્રાંતિ	૨૯
૨ સિધ્ધાંત	૨	૨૩ આવરણ	૩૧
૩ ભાસક અથવા સાક્ષી	૨	૨૪ વિક્ષેપની નિવૃત્તિ	૩૨
૪ ભાસ્ય (અનાત્મા)	૪	૨૫ પદાર્થ	૩૩
૫ પ્રાતિભાસિક સત્તા	૫	૨૬ ખૂનીનો છુટકારો	૩૫
૬ પ્રમાતા,પ્રમાણ અને પ્રમેય	૯	૨૭ બંધનનું સ્વરૂપ	૩૬
		૨૮ અર્થસત્તા અને પ્રતીતિ	૩૮
૭ માયાનું સ્વરૂપ	૧૧	૨૯ એક ચિત્રકારની મૂંઝવણ	૩૯
૮ જ્ઞાનીનો વ્યવહાર	૧૩	૩૦ અપરોક્ષ અનુભવ	૪૧
૯ વેદાંતનાં સાધનનો ક્રમ	૧૪	૩૧ કાર્ય-કારણભાવ	૪૨
૧૦ ફુરસદનો ઉપયોગ	૧૫	૩૨ પ્રભુની લીલા	૪૩
૧૧ વિદ્યા અને અવિદ્યા	૧૬	૩૩ મૃગજળ જોવાનો આનંદ	૪૪
૧૨ જ્ઞાનીની ઉપાસના	૧૭	૩૪ વિશ્વભાવના	૪૬
૧૩ આરોપ અને અપવાદ	૧૮	૩૫ આત્મામાં સ્થિતિ	૪૭
૧૪ વૃત્તિનો ઉપયોગ	૧૯	૩૬ એક દૃષ્ટા	૪૯
૧૫ અભ્યાસીને બોધ	૨૧	૩૭ કુશળ સમાચાર	૫૦
૧૬ યોગસિદ્ધિ	૨૨	૩૮ બ્રહ્મસુખ	૫૧
૧૭ કાળ	૨૩	૩૯ જ્ઞાનની સામગ્રી	૫૨
૧૮ નિરતિશય આનંદ	૨૪	૪૦ અજ્ઞાનીની દશા	૫૪
૧૯ બનાવ	૨૫	૪૧ જ્ઞાનીની દશા	૫૪
૨૦ પૂર્ણતામાં સુખ છે.	૨૬	૪૨ એક વિદ્યાર્થીને પ્રશ્ન	૫૫
૨૧ અજ્ઞાન	૨૭		

વિચારસૂર્યોદય

૧

એક માણસને સ્વપ્નું આવ્યું. તે વખતે (સ્વપ્નમાં) તેના ગામમાં હુલ્લડ થયું; તે હુલ્લડમાં ઘેરાયો. સામા પક્ષવાળા એટલા વધી ગયા કે, તે બચી શકે એવું તેને લાગ્યું નહી. મરવાની ઘડી નજીક આવી.

તેને લાગ્યું કે, હવે તરત મરવાનું થશે, માટે ભગવાનની પ્રાર્થના કરી લઉં.

તેણે પ્રાર્થનામાં ભગવાનને કહ્યું કે, જો મને આ વખતે બચાવો, તો હું કદાપિ તમારું વિસ્મરણ કરીશ નહી; હમેંશા તમારુ સ્મરણ કરીશ.

હવે તે જાગી ગયો.

તેની પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે તેણે એક ગુરુ શોધી લીધા.

ગુરુએ કહ્યું કે, તું તારા આત્માને ઓળખ, તે જ ભગવાન છે. તેને ઓળખવાથી ભગવાનનું સ્મરણ નિત્ય રહી શકશે.

તેણે કહ્યું કે, 'એ પદ્ધતિ સમજાવવા કૃપા કરો'.

૨ : સિદ્ધાંત

ગુરુએ કહ્યું :

૧ જે જેને જુએ તે તેથી જુદો છે.

૨ ઘરને જોવાવાળો ઘરથી જુદો છે.

દેહને જોવાવાળો દેહથી જુદો છે.

મનને જોવાવાળો મનથી જુદો છે.

૩ એ પ્રમાણે એક ભાસક થયો અને બીજું ભાસ્ય થયુ.

૪ ભાસક ભાસ્ય થાય નહી અને ભાસ્ય ભાસક થાય નહી.

૫ ભાસક આત્મા છે. ભાસ્ય અનાત્મા છે.

તેણે પૂછ્યુ:

૬ એ બંનેને કેવી રીતે ઓળખવા ?

૭ ગુરુ કહે : પહેલા ઉપરની બાબત બરાબર સમજી લે. એક પગથિયે બરાબર ઊભા રહીને બીજા પગથિયે ચડવું સહેલું પડે છે.

૩ : ભાસક અથવા સાક્ષી

ગુરુ કહે છે :

૧ જેમ ઘટાકાશ મહાકાશરૂપ છે તેમ ભાસક (આત્મા) આકાશની માફક નિર્મળ હોવાથી પરમાત્મારૂપ છે.

૨ પાણીનાં ખાબોચિયાં ઘણા હોય, ત્યારે તેમાં સૂર્યનાં પ્રતિબિંબ ઘણાં દેખાય છે; છતાં સૂર્ય એક છે, તેમ ઘણાં શરીરમાં આત્મા એક છે.

૩ જ્યારે કોઈ ગામમાં વધારે જન્મ થાય છે, ત્યારે પાણીના ખાબોચિયાં વધે છે, એટલે કે ઉપાધિ વધે છે, આત્મા ઘણા થતા નથી.*

૪ જ્યારે કોઈ ગામમાં મરણ વધારે થાય છે, ત્યારે ઉપાધિ ઓછી થાય છે, આત્મા ઓછા થતા નથી.

૫ નાની ઉંમરનાં આપણાં શરીર આવ્યાં અને ગયાં, જુવાન ઉંમરનાં આપણાં શરીર આવ્યાં અને ગયાં, છતાં આત્મામાં ભેદ થયો નહિ; તેથી દેહના ભેદથી આત્માનો ભેદ થતો નથી. તેવી જ રીતે વર્તમાનકાળમાં બીજાના દેહ આપણા દેહથી જુદા હોવા છતાં આત્માનો ભેદ થતો નથી.

૬ સ્વપ્નમાં ઘણાં જીવ દેખાય છે; છતાં જાગ્યા પછી એક જીવ હતો તેમ ખબર પડે છે.

૭ જાગ્રતમાં બધા હું-હું કરે છે; તેથી બધામાં હું એક છે.

૮ બધામાં રહેલ એક હુંને ભાસક અથવા આત્મા

* માણસ પણ પાણીનાં ટીપાંમાંથી બને છે; તેથી જેટલા માણસ તેટલા ખાબોચિયા સમજવાના છે.

કહે છે. હું નું બહુ વચન થતું નથી. હું નું બહુ વચન 'અમે' માનીએ, તો હુંની સાથે તું અને તે લેવા પડે; તેથી હું અનેક નથી, હું એક છે, તે પરમાત્મા છે; ભાસ્યને બરાબર જાણીને હઠાવ્યા વગર ભાસકનું સ્વરૂપ તરત અનુભવમાં આવશે નહી.

૪ : ભાસ્ય (અનાત્મા)

૧ ભાસ્ય એટલે જે દેખાય છે તે દશ્ય.

૨ જે દેખાય છે તેને જોનારો તે વખતે સાથે રહેલો હોય છે.

૩ તેથી જોનારાના સ્વભાવનો વિચાર સાથે કરવો જોઈએ.

૪ એવી રીતે વિચાર કરવાથી જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ લાગશે.

૫ પછી જેટલી દૃષ્ટિ તેટલી સૃષ્ટિ લાગશે.

૬ પછી દૃષ્ટિકાળે સૃષ્ટિ લાગશે. સ્વપ્નનું દૃષ્ટાંત લઈ ખાતરી કરવી.

છીપમાં રૂપું દેખાય તે પહેલાં નથી, પછી નથી, ભૂલ વખતે રૂપું દેખાય છે. તેમ બ્રહ્મમાં જગત પહેલાં નથી-પછી નથી, દૃષ્ટિકાળે ભૂલ વખતે દેખાય છે.

અથવા રાત્રે માણસ, વાંદરો, કૂતરો અને ગધેડો સુઈ ગયા. સવારે ઊઠતાં દરેકની દૃષ્ટિ પ્રમાણે દૃષ્ટિકાળે સૃષ્ટિ જોવામાં આવે છે.

૭ માણસના જીવનમાં પણ એવી કહેવત છે કે, ' ઊઠ્યા ત્યારથી સવાર. ' તેનો અર્થ પણ દૃષ્ટિકાળે સૃષ્ટિની પ્રતીતિ થાય છે.

૮ તેથી ભાસ્ય અથવા દશ્યની પ્રતીતિ અથવા આભાસ જણાશે. સૃષ્ટિ એ કોઈ સાચી વસ્તુ ન હોવાથી ભૂલવા જેવી વસ્તુ છે. એક દિવસ બધાં ભૂલે છે. ઊંઘમાં બધાં ભૂલે છે. જાગ્યા પછી સૃષ્ટિ દેખાતી નથી, પણ સૃષ્ટિ વિષે આપણી કલ્પના દેખાય છે. વળી સ્વપ્નનું દશ્ય જાગ્રતમાં જતું રહે છે, તેમ જાગ્રતનું દશ્ય સ્વપ્નદશામાં જતું રહે છે.

૯ જેને સ્વસત્તા નથી એ કોઈ વસ્તુ નથી, જે દશ્ય છે તે પોતે સ્વતંત્ર રીતે છે, એવું સિદ્ધ કરી શકાતું નથી.

નોંધ - હવે પછીનું જ્ઞાન ચાલુ રાખી ગુરુ શિષ્યને સમજાવે છે...

૫ : પ્રાતિભાસિક સત્તા

૧ ચોથા બોધની રીત પ્રમાણે વ્યવહારને પ્રાતિભાસિક સત્તામાં લાવવો. બરાબર ન સમજાય તો જાગ્રત, સ્વપ્ન

અને સુષુપ્તિ -એ ત્રણ અવસ્થાનો વિચાર કરી વ્યવહારને પ્રાતિભાસિક કરવો; પછી નિચે પ્રમાણે વિચાર કરવો :

૨ પ્રાતિભાસિક વસ્તુ સાચી હોતી નથી, તેથી તેનો અધિષ્ઠાન સાથે સાચો સંબંધ થતો નથી. બ્રહ્મનો પ્રાક્‌સિદ્ધત્વ ધર્મ જગતમાં આરોપાય છે. છીપમાં રૂપું દેખાય, ત્યારે ત્યાં રૂપાની ઉત્પત્તિ જણાતી નથી, પણ છીપનો પ્રાક્‌સિદ્ધત્વ ધર્મ (એટલે પહેલાંથી હોવાનો ધર્મ) રૂપામાં આરોપાય છે; તેવી જ રીતે જગતની ઉત્પત્તિ જણાતી નથી, પણ બ્રહ્મનો પ્રાક્‌સિદ્ધત્વ ધર્મ જગતમાં આરોપાય છે, જ્યારે છીપનું જ્ઞાન થાય છે, ત્યારે રૂપાનો નાશ થતો નથી, પણ રૂપું ત્રણે કાળમાં નહોતું તેમ ખબર પડે છે; તેવી જ રીતે જગતનો નાશ બ્રહ્મજ્ઞાનથી થતો નથી, પણ જગત ત્રણે કાળમાં નહોતું એવી ખબર પડે છે. સ્વપ્નમાં સ્વપ્નસાક્ષીનો પ્રાક્‌સિદ્ધત્વ ધર્મ સ્વપ્રદશ્યમાં આરોપાય છે; તેથી સ્વપ્નનું જગત પહેલાંથી હતું એમ જણાય છે. જાગ્રત થતાં ખબર પડે છે કે, એ જગત ત્રણે કાળમાં નહોતું, તેવું જ જાગ્રત પ્રપંચ માટે સમજવાનું છે.

૩ પ્રાતિભાસિક વસ્તુ દૃષ્ટાથી જુદી હોતી નથી- જેમ સ્વપ્નમાં.

૪ પ્રાતિભાસિક વસ્તુની ઉત્પત્તિ, સ્થિત્તિ કે લય થતાં નથી; માત્ર દૃષ્ટિકાળે તેની પ્રતીતિ રહે છે.

૫ પ્રાતિભાસિક વસ્તુ અધિષ્ઠાનની સાથે રહે, તો પણ દ્વૈત થતું નથી; તેથી દ્રષ્ટા અને દશ્ય એવા બે જ્ઞાનની જરૂર નથી.

૬ વસ્તુ એક હોવાથી જ્ઞાનીને શરીરમાં અહંભાવ નથી અને જગતમાં ઈદંભાવ નથી.

૭ વસ્તુ એક હોવાથી એકનું જ્ઞાન રાખીને રહેવું, તેને જ બહ્મજ્ઞાન કહે છે.

૮ વસ્તુ નિત્ય હોવાથી કાંઈ નવું બનતું નથી, કોઈનો જન્મ થયો નથી, કોઈ મરતું નથી. જન્મ-મરણ જેને થાય છે, તે પોતે નથી. તે પ્રમાતાને છે, તે ખોટા પ્રમાણ સાથે રહે છે. પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય ૩ અને ૪ નંબરના બોધની રીતે પ્રાતિભાસિક બની જાય છે. પ્રાતિભાસિક બનાવ એ કોઈ સાચી વસ્તુ નથી, એમ પાછળ બતાવેલ રીતે નક્કી કરી લેવું; તેથી વાસ્તવમાં કાંઈ બન્યું નથી. જેમ હતુ તેમ છે, તેમ રહેશે. તે બાબત વારંવાર ઘૂંટીને દઢ કરી લેવી અને તેમાં સ્થિતિ કરવી.

૯ અરીસામાં બીજું મોઢું દેખાય, તેથી બે મોંઢા થતાં નથી, તેમ પ્રાતિભાસિક વસ્તુથી દ્વૈત થતું નથી.

૧૦ સ્વપ્નું સ્વપ્ન વખતે વ્યાવહારિક છે, જાગ્યા પછી પ્રાતિભાસિક લાગે છે. પ્રાતિભાસિક લાગ્યા પછી બધું હું હતો એ માનવું સહેલું છે; તેવી જ રીતે જાગ્રત જાગ્રત-

-વખતે વ્યાવહારિક છે, બ્રહ્મજ્ઞાન થયા પછી પ્રાતિભાસિક લાગશે. પ્રાતિભાસિક લાગ્યા પછી બધું હું છું એ માનવું સહેલું છે.

૧૧ પ્રાતિભાસિક વસ્તુમાં એક અંશની નિવૃત્તિ થાય નહિ. સ્વપ્નમાં દેખાતા માણસોમાંથી થોડાક સાથે સંબંધ રાખીને જાગી શકાય નહિ.

૧૨ પ્રાતિભાસિક વસ્તુમાં માત્ર જ્ઞાત-સત્તા રહે છે; તેથી જેટલું જ્ઞાન થાય તેટલું અર્થકારી થાય છે. અજ્ઞાત રજ્જુસર્પની બીક લાગતી નથી.

૧૩ પ્રાતિભાસિક વસ્તુમાં અભાનાપાદક આવરણ બનતું નથી; કારણ કે પ્રતીતિ અને જ્ઞાન સમકાળે થાય છે.

૧૪ સ્વપ્નનાં જ્ઞાનથી જેમ સ્વપ્નની ભૂલ જાણી શકાતી નથી, તેમ જાગ્રતના વ્યાવહારિક જ્ઞાનથી જાગ્રતની ભૂલ જાણી શકાશે નહી. ભૂલ કાઢવા માટે બાધક જ્ઞાન જોઈએ.

૧૫ જો કોઈ એમ કહે કે, જગત તો સર્વને સરખું દેખાય છે. તો પશ્ન પૂછનારને કહેવું કે, ' તને જેવું દેખાય છે તેવું એક કાગળમાં લખ અને નીચે તારી સહી કર અને પછી તપાસ કર કે, એવું બીજા કોઈને દેખાય છે કે નહિ?' એમ તપાસ કરતાં વ્યાવહારિક જગત પ્રાતિભાસિક થઈ જશે. તેની સહી જ બીજા કોઈની સાથે મળતી આવશે નહિ.

૧૬ સત્ય વધારે સાચું અને ઓછું સાચું બની શકતું નથી. રજ્જુ-સર્પમાં સર્પના જ્ઞાન કરતાં રજ્જુનું જ્ઞાન વધારે સાચું નથી; કારણ કે સર્પનું જ્ઞાન તદ્દન ખોટું છે; તેવી જ રીતે જગતના જ્ઞાન કરતાં બ્રહ્મનું જ્ઞાન વધારે સાચું નથી; કારણ કે જગતનું જ્ઞાન તદ્દન ખોટું છે.

૧૭ સ્વપ્નમાં વ્યાવહારિક સત્તા અને પ્રાતિભાસિક સત્તાના ભેદની ખબર પડતી નથી; તેનું કારણ એ છે કે, ધર્મ સહિત ધર્મી (પ્રમાતા) નો અધ્યાસ આત્મામાં થાય છે. જાગ્રતમાં પણ એવું બને છે. શુદ્ધ સ્ફટિક પાસે પડેલું લાલ પુષ્પ કોઈ કારણથી જુદું ન દેખાય, તો સ્ફટિક લાલ છે એવી ભ્રાંતિ થાય છે.

૬ : પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય

૧ અંતઃકરણ એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, એ સામાન્ય માણસનું પ્રમાણ છે.

૨ પ્રમાણના બીજા અર્થ-માપ, માયા, પ્રકૃતિ, અજ્ઞાન, ઉપાધિ.

૩ પ્રમાણને વિશેષણ માની તેની સાથે જે વિશેષ્ય રહે તે પ્રમાતા. અરીસો હોય તો બિંબ-પ્રતિબિંબનો વ્યવહાર થાય, તેમ ઉપાધિ હોય તો અથવા પ્રમાણ હોય તો પ્રમાતા બને.

૪ પ્રમાતાના બીજા અર્થ-જીવ, ચિદાભાસ, અહંકાર, અંતઃકરણવિશિષ્ટ ચેતન.

૫ પ્રમાણથી જે જણાય તે પ્રમેય.

૬ પ્રમેય એટલે જગત, દૃશ્ય, જ્ઞેય.

૭ એક જ અંતઃકરણ અજ્ઞાનીની દૃષ્ટિમાં ચેતનનું વિશેષણ છે અને જ્ઞાનીની દૃષ્ટિમાં ચેતનની ઉપાધિ છે.

૮ પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય સ્વપ્નમાં નવાં બને છે. જાગ્રતમાં રોજ સવારે નવાં બને છે. દિવસમાં પણ દરેક જુદાં જુદાં કામ,પ્રસંગે નવાં બને છે. સુષુપ્તિમાં એ ત્રણે જતાં રહે છે; તેથી એ ત્રણે મિથ્યા છે. મિથ્યા એટલે જે ન હોય, છતાં હોય તેવું દેખાય અને બીજી દશામાં બાધ પામે. તેનો ખુલાસો હવે પછીના ૭ મા બોધમાં છે.

૯ જાગ્રતના પ્રમાતાને વૈશ્વાનર કહે છે, સ્વપ્નના પ્રમાતાને તૈજસ કહે છે અને સુષુપ્તિના પ્રમાતાને પ્રાજ્ઞ કહે છે.

૧૦ અંતઃકરણ-ઉપહિત ચૈતન્યને પ્રમાતા કહે છે, અંતઃકરણની વૃત્તિને પ્રમાણ કહે છે. એ અંતઃકરણનો બીજો ભાગ છે. વિષયાકારરૂપ અંતઃકરણના ત્રીજા ભાગને પ્રમેય કહે છે. અજ્ઞાત અવસ્થામાં જેને પ્રમેય કહે છે તે જ

જ્ઞાત અવસ્થામાં પ્રમિતિ કહેવાય છે. આ રીતે પ્રત્યક્ષ જ્ઞાનકાળે પ્રમાતૃચૈતન્ય, પ્રમેયચૈતન્ય અને પ્રમિતિચૈતન્ય એક જ છે.એક જ ચૈતન્યમાં ઉપાધિભેદથી ભેદ દેખાય છે. ઉપાધિના જેવો આકાર ધારણ કરવાથી ચૈતન્યમાં ભેદ જેવું જણાય છે. એ ભેદ જ્ઞાનકાળે રહેતો નથી. જ્યારે ઉપાધિ ભિન્ન દેશમાં હોય, ત્યારે ઉપહિતનો ભેદ બતાવે છે.જ્યારે ઉપાધિ એક દેશમાં આવી જાય ત્યારે ઉપહિતમાં તાદાત્મ્ય જ છે.સ્વપ્નમાંથી જાગ્યા પછી તરત બધી ઉપાધિ એક દેશમાં જેમ આવી જાય છે, તેમ જાગ્રતમાં પણ બ્રહ્મજ્ઞાન થાય, ત્યારે બધી ઉપાધિ ઉપહિતમાં એકતા પામી જાય છે.

૧૧ અવિદ્યાનો જે વિષય હોય તે જ વિષય જે પ્રમાનો હોય તે પ્રમારૂપ જ્ઞાન અવિદ્યાને દૂર કરે છે; તેથી બ્રહ્મજ્ઞાનથી અવિદ્યા દૂર થાય છે. ઘટ વગેરે પદાર્થ બાધિત છે; તેથી તેને વિષય કરવાવાળું જ્ઞાન પ્રમા નથી પણ વ્યવહારકાળે બાધ-જ્ઞાનનો અભાવ હોવાથી ઘટ વગેરેના જ્ઞાનને સાધારણ લોકો પ્રમાણ સમજે છે. છીપમાં રૂપું દેખાય છે, ત્યારે પણ બાધ-જ્ઞાન પહેલાં (એટલે છીપના જ્ઞાનની પહેલાં) થોડો વખત રૂપાનું જ્ઞાન પ્રમાણ તરીકે દેખવામાં આવે છે.

૭ : માયાનું સ્વરૂપ

૧ એક ગૃહસ્થને નીચે પ્રમાણે ત્રણ દીકરા છેઃ

૧. જયેંદ્ર, ઉંમર વર્ષ ૧૧.

૨. પ્રફુલ્લ, તેને બધા વચલો કહીને બોલાવે છે. ઉંમર વર્ષ ૫.

૩. અશોક, ઉંમર વર્ષ ૨ાા.

૨ વચલા દીકરાને કોઈએ પૂછ્યું કે, પ્રફુલ્લને કેટલાં વર્ષ થયાં ? તેણે કહ્યું પાંચ અને વચલાને કેટલાં વર્ષ થયાં ? તેણે કહ્યુ પાંચ.

૩ ખરી રીતે જોતા 'વચલા' નામના દીકરાને ૨ાા વર્ષ થયાં છે. તેને એક નાનો ભાઈ આવ્યો, ત્યારે તે વચલો થયો. તે પહેલાં તેને કોઈ વચલો કહેતું નહોતું.

૪ એક દીકરો વધે તો વચલો કઈ રીતે વચલો રહે? અથવા બે વચલા થઈ જાય; અથવા મોટી ઉંમરે વચલાને બીજા માણસો વચલો કહે નહિ.

૫ તેથી વચલો સાચો નથી. જે વસ્તુનો બાધ થઈ જાય તે સાચી નથી.

૬ છતાં વચલો રમે છે અને આનંદ કરે છે.

૭ તેવી જ રીતે જીવ સાચો નથી; છતાં તે રમે છે અને આનંદ કરે છે. બ્રહ્મજ્ઞાન થાય, તો જીવ વચલાની માફક રહે નહિ, પણ બ્રહ્મરૂપ થઈ જાય. નવી દશામાં જૂની દશાના ધર્મ રહે નહિ.

૮ વચલાના બાપને પણ ૨ા વર્ષ થયાં છે, જ્યારે વચલો થયો ત્યારે વચલાનો બાપ થયો.

૮ : જ્ઞાનીનો વ્યવહાર

૧ જો જીવ-જગત મિથ્યા છે, તો જ્ઞાની વ્યવહાર શી રીતે કરી શકે છે ? તેનો ઉત્તર કેટલાક માગે છે, તે નીચેનાં દષ્ટાંતોથી સરળતાથી સમજી શકાશે.

૨ કચ્છની અંદર એક વખત ત્રણ ટાઈમ ચાલતા હતા. ૧. કચ્છનો લોકલ ટાઈમ, ૨. લોકલ ટાઈમથી એક કલાક વધારો કરીને રાજ્યની ઓફિસનું કામ ચાલતું હતું તે ટાઈમ અને ૩. પોસ્ટ ઓફિસનો ટાઈમ. તેમાં પહેલો ટાઈમ સાચો હતો.બીજા બે ખોટા હતા; છતાં જરૂર પડે તે વખતે તે ખોટાને સાચા જેવા માની કચ્છના માણસો વ્યવહાર કરતા હતાં. તેમ જ્ઞાની પુરુષ ખોટા જગતને સાચા જેવું માની વ્યવહાર કરે છે.*

૩ ગંજીપાની રમતમાં રાણીને, રાજાને અને ગુલામને બે માથા હોય છે અને પગ હોતા નથી; છતાં તેને રાણી, રાજા અને ગુલામ માની રમનારા રમત કરે છે, તેમ જ્ઞાનીનો વ્યવહાર ચાલે છે.

* હાલમાં કચ્છમાં બે ટાઈમ ચાલે છે; મુંબઈમાં પણ બે ટાઈમ ચાલ્યા કરે છે.

૪ શેત્રંજની રમતમાં લાકડાંના કટકાને હાથી, ઊંટ, ઘોડા,વજીર, રાજા એમ માનવામાં આવે છે; તે લાકડું છે એવું જ્ઞાન થાય તો રમત થાય નહિ; છતાં રમત વખતે બધા એકમત થઈ તેમાંથી રાજા, વજીર બનાવીને રમત કરી શકે છે, તેમ જ્ઞાની પણ જગતમાં રમે છે.

૫ કોઈ માણસને દીકરો ન હોય, તો કોઈનો દીકરો દત્તક લઈ તેને પોતાનો માની વ્યવહાર કરે છે; તેમ જ્ઞાની જગતને સાચા જેવું માની વ્યવહાર કરે છે.

૬ થોડા વખત પહેલાં વાઈસરૉયે એક કલાકનો વધારો કરેલ હતો, તે મિથ્યા હતો; છતાં તેનાથી વ્યવહાર થતો હતો, તેમ જ્ઞાનીનો વ્યવહાર ચાલે છે.

૭ સામાન્ય રીતે જેમાં રૂપું હોય તે રૂપિયો કહેવાય, પણ હાલમાં જેમાં રૂપું નથી એવી નોટને પણ માણસો રૂપિયો માની વ્યવહાર કરે છે; તેથી ખોટી વસ્તુથી વ્યવહાર થાય છે.

૮ માંડુક્ય ઉપનિષદમાં કહેલું છે કે, બ્રહ્મ અવ્યવહાર્ય છે એટલે વ્યવહારને યોગ્ય નથી, તેથી મિથ્યા વસ્તુ જ વ્યવહારને યોગ્ય થાય છે.

૯ : વેદાંતનાં સાધનનો ક્રમ

(૧) વિવેક, (૨) વૈરાગ્ય, (૩) ષટ્સંપત્તિ,

(૪) મુમુક્ષુતા, (૫) શ્રવણ, (૬) મનન, (૭) નિદિધ્યાસન, (૮) બ્રહ્માકારવૃત્તિ, (૯) આવરણભંગ (૧૦) સ્વરૂપ-પ્રકાશ

૧૦ : ફુરસદનો ઉપયોગ

૧ જેટલી ફુરસદ મળે તેનો આત્મજ્ઞાન માટે ઉપયોગ કરતા આવડે, તો વધારે ફુરસદ તેવા કામ માટે મળી રહે.

૨ અનાત્માના ધર્મ એ પોતાના છે એમ લાગે, ત્યારે તે ધર્મ જોર કરે છે; એ પોતાના નથી એમ સતત ભાન રાખીએ, તો તેનું જોર તૂટી જાય છે.

૩ દુઃખ દૂર કરવા માટે વ્યતિરેકભાવ રાખવો અને સુખ મેળવવા માટે અન્વયભાવ રાખવો. અસત્, જડ અને દુઃખથી વિલક્ષણ સત્-ચિત્ત-આનંદ છે, એ વ્યતિરેકભાવ છે. સત્-ચિત્ત-આનંદ પૂર્ણ અને વ્યાપક હોવાથી સર્વત્ર છે, એ અન્વયભાવ છે.

૪ આત્મજ્ઞાનવાળા માણસોનો જ સંગ કરવો.

૫ અનુકૂળ સંગ ન મળે, તો એકાંતની ટેવ પાડવી.

૬ જ્ઞાન ટકાવવા માટે વૈરાગ્યની જરૂર છે. ભક્તિ ટકાવવા માટે શરણાગતિની જરૂર છે.

૭ જગતમાં પહેલું-છેલ્લું કાંઈ નથી; જે જોઈએ છે

તે પહેલું પાસે આવે છે.

૧૧ : વિદ્યા અને અવિદ્યા

૧ અવિદ્યાનો ચમત્કાર એવો છે, કાંઈ ન હોય ત્યાં (સ્વપ્ન ની માફક) અનેક ભૂત ઉત્પન્ન કરે છે અને વિદ્યાનો મહિમા એવો છે કે, એક ક્ષણમાં બધાં ભૂતનો અભાવ કરી નાખે છે.

૨ વિઘ્નોની અસર અનાત્મા ઉપર થાય છે, આત્મા ઉપર થતી નથી.

૩ સંસારનાં સુખ અને સંસારની સગવડો રાખી સાથે સાથે જેમને આત્મજ્ઞાન લેવું છે, તેમને આત્મજ્ઞાન મળશે નહિ.

૪ ભક્તિમાર્ગમાં ભગવાન પારમાર્થિક સત્તામાં છે અને જીવ વ્યાવહારિક સત્તામાં છે; તેથી વ્યાવહારિક સત્તાને પારમાર્થિક કરવા માટે ભગવાનનો અનુગ્રહ વારંવાર માગવો પડે છે.જ્ઞાનમાર્ગમાં વ્યાવહારિક સત્તાને પ્રાતિભાસિક માનેલ હોવાથી જ્ઞાનકાળે પ્રાતિભાસિક સત્તાનો ત્રિકાલિક નિષેધ અનુભવમાં આવે છે.

૫ આત્માની વિશાળ દૃષ્ટિ કોઈ અલ્પ ભાવમાં રોકાય, ત્યારે વિભાવદશા જેવું દેખાય છે.

૬ પૂર્વ જન્મમાં કરેલાં સારાં કર્મથી શુભ ઈચ્છા ઉત્પન્ન

થાય છે, પણ જ્ઞાન ઉત્પન્ન થતું નથી; જ્ઞાન આ જન્મનાં પુરુષાર્થથી ઉત્પન્ન થાય છે, એ સામાન્ય નિયમ છે; છતાં તેમાં વામદેવ અને શુકદેવજી જેવા અપવાદ સમજવાના છે.

૭ જગતની વસ્તુઓમાં અને જગતના વિચારમાં મન ન જાય, તો, આત્માના આનંદને અટકાવે તેવું બીજું કાંઈ નથી.

૮ જ્યારે પોતાના આત્મમાંથી સુખ નીકળવા લાગે, ત્યારે તેમાં સ્થિતિ કરવી જોઈએ.

૧૨ : જ્ઞાનીની ઉપાસના

૧ અસતપ્રવૃત્તિ તત્ત્વસ્મૃતિને ભુલાવી દે છે.

૨ દ્વૈતનું અવલંબન લેવાથી ચિત્તવૃત્તિમાં બીજી વસ્તુના ગુણ અનુસાર ચેતના પ્રાપ્ત થાય છે. તે વખતે નવીન કર્તવ્યજ્ઞાન ઉત્પન્ન થતાં ઈંદ્રિયોની જે જે ક્રિયા થવા લાગે છે, તેને જ અસતપ્રવૃત્તિ અથવા પરધર્મ કહે છે.

૩ દ્વૈતનું ભાન આત્માનો આનંદ અટકાવે છે.

૪ તેથી અનાત્માનું અદર્શન કરવું એ જ્ઞાનીની ઉપાસના છે; અથવા આત્મામાં નિષ્ઠા કરવી, એ પણ જ્ઞાનીની ઉપાસના છે.

૫ અભ્યાસ અને વૈરાગ્યથી નિષ્ઠા સારી થાય છે.

૬ જ્યારે આત્મા તરફથી અસર લેવાનો વખત હોય, ત્યારે તે વખતે બીજી ક્રિયા બંધ રાખવામાં લાભ છે.

૭ તત્ત્વ માં સાવધાનતા, એ જ્ઞાનીનું ધ્યાન છે.

૮ વસંતઋતુમાં જેમ વૃક્ષની શોભા વધ્યા કરે છે, તેમ જે અદ્વૈત ભાવે રહે છે, તેનામાં આનંદ, તેજ, શક્તિ અને બુદ્ધિ વધે છે.

૯ જેણે આત્માનો સાક્ષાત્કાર કરી લીધેલો છે, તેને માટે આખું જગત નંદનવન છે, સર્વ વૃક્ષ કલ્પવૃક્ષ છે, સર્વ જળ ગંગાજળ છે. તેની ક્રિયા પવિત્ર રહે છે, તેની વાણી પ્રાકૃત હોય કે સંસ્કૃત હોય છતાં તેમાં તત્ત્વોનો સાર છે, તેને માટે આખી પૃથ્વી કાશી છે અને તેની બધી ચેષ્ટા પરમાત્મામય છે.

૧૩ : આરોપ અને અપવાદ

૧ સ્વપ્નને સ્થિર માનનાર જેમ એક ભૂલમાંથી બીજી ભૂલમાં પડે છે, તેમ જાગ્રતને સ્થિર માનનાર પણ એક ભૂલમાંથી બીજી ભૂલમાં પડે છે.

૨ શ્રીહરિના સ્વરૂપમાં તમે, અમે અને જગત ત્રણે કાળમાં નથી.

૩ ભગવાન સિવાય જે કાંઈ બુદ્ધિમાં આવશે, તે અધ્યારોપ થશે. આરોપિત દૃષ્ટિએ બ્રહ્મમાં બધું છે, સ્વરૂપદૃષ્ટિએ

બ્રહ્મ સિવાય કાંઈ નથી.

૪ જેને જગત દેખાય છે, તે જગતને જાણતો નથી અને બ્રહ્મને પણ જાણતો નથી. જેને બ્રહ્મ દેખાય છે, તે જગતના તત્ત્વને બરાબર જાણે છે અને બ્રહ્મને પણ બરાબર જાણે છે. દૃષ્ટાંત-રજ્જુમાં સર્પ જોનાર રજ્જુને જાણતો નથી અને સર્પને પણ જાણતો નથી.

૫ તેથી સંસારના જ્ઞાનની સાથે બ્રહ્મજ્ઞાન મેળવવું, એ શેરડી અને રોટલા સાથે ખાવા બરાબર છે.

૬ જે દેખાય તે સાચું હોય, તો સ્વપ્નું સાચુ થવું જોઈએ.જે સાચું હોય તે દેખાવું જોઈએ, તો આત્મા દેખાવો જોઈએ. સાચું હોય તે દેખાતું નથી. જે દેખાય છે તે સાચું નથી; તેનું અધિષ્ઠાન સાચું છે.

૭ જો વારંવાર દ્વૈતનું સ્ફુરણ થતું હોય, તો વારંવાર મિથ્યાત્વનો નિશ્ચય કરવો.

૮ સ્વપ્નનું જગત ત્રણે કાળમાં વાસ્તવમાં નથી, તેમ જાગ્રતનું જગત પણ ત્રણે કાળમાં વાસ્તવમાં નથી.

૧૪ : વૃત્તિનો ઉપયોગ

૧ આવરણભંગ માટે જેવી વસ્તુ હોય તેવી વૃત્તિ થવી જોઈએ. બધું બ્રહ્મરૂપ છે; તેથી બ્રહ્મ પ્રત્યયની ધારા

રાખવી જોઈએ.

છીપનું જ્ઞાન થયા પછી છીપનો પ્રત્યય રહે છે, તેવી રીતે બ્રહ્મનું જ્ઞાન થયા પછી બ્રહ્મનો પ્રત્યય રહે છે.

૨ જ્યારે વૃત્તિ બ્રહ્મમાં લય થાય, ત્યારે સત્સંગ માટે અથવા શાસ્ત્રના વાંચન માટે અથવા બીજા કોઈ કામ માટે તેને બહાર કાઢવી નહિ.

૩ થોડા જ્ઞાનથી અને સાચા જ્ઞાનથી નિર્વાહ કરતા શીખવું. બહુ પુસ્તકો વાંચવાથી ચિત્તમાં સ્થિરતા આવતી નથી.

૪ સંસારના કેટલાક માણસો અભ્યાસ ઠીક કરે છે, પણ સાથે વૈરાગ્ય રાખતા નથી; તેથી આગળ વધી શકતા નથી.

૫ કેટલાક સાધુઓ વૈરાગ્ય રાખી શકે છે, પણ સાથે અભ્યાસ રાખતા નથી; તેથી આગળ વધી શકતા નથી.

૬ અભ્યાસ અને વૈરાગ્ય વગર મનનો નિગ્રહ કઠણ છે.

૭ પ્રમાતા કાળને આધીન છે; તેથી વૃત્તિ પણ કાળને આધીન છે. આત્મા કાળથી અતીત છે.

૧૫ : અભ્યાસીને બોધ

૧ મોજાંરૂપે ન રહો; સમુદ્રરૂપે રહો.

૨ આત્મભાવમાં જરા પણ પોલ ચાલે તેમ નથી. ચૈતન્ય નક્કર છે, તેમાં એક તણખલું પણ સમાય તેમ નથી.

૩ શરીર રહે કે જાય, તેથી આત્માને કાંઈ લાભ કે હાનિ નથી.

૪ જ્યારે નિષ્ઠા બંધાવા લાગે, ત્યારે પ્રાણની ગતિ ધીમી થાય છે.

૫ જ્યારે નરસિંહ મહેતાનું નાટક કોઈ નાટક કંપની કરતી હતી, ત્યારે તેમાં નરસિંહ મહેતાનો વેશ ત્રંબક નામના એક માણસ લેતા હતા; તે જ્યારે પ્રવેશમાં કોઈવાર ન આવતા, ત્યારે પણ હાથમાં માળા રાખી પ્રભુનું સ્મરણ કરતા હતા; તેથી જ તે નરસિંહ મહેતા તરીકે સારો ભાવ બતાવી શક્યા હતા. સાચા ભક્તે પણ તે પ્રમાણે સતત પ્રભુનું સ્મરણ રાખવું જોઈએ.

૬ જેમ જેમ અહંકારનું વિસ્મરણ થાય છે.તેમ તેમ સૂક્ષ્મ ભાવ ઉત્પન્ન થાય છે અને નિજાનંદ આવવા લાગે છે.

૭ સ્ફૂર્તિ એ જ આનંદ છે. અજ્ઞાનીને દ્વૈતની અશુદ્ધ સ્ફૂર્તિ છે, જ્ઞાનીને અદ્વૈતની શુદ્ધ સ્ફૂર્તિ છે.

૮ નરસિંહ મહેતાને ભગવાને હાર આપ્યો, પણ જ્ઞાનીને તો ભગવાન બધું આપે છે.

૧૬ : યોગસિદ્ધિ

૧ જ્ઞાનયોગ સિવાયના બીજા યોગમાં યોગીને કેટલાંક દૃશ્ય દેખાય છે. યોગીને જે જે દેખાય તે તે ભાસ્ય કોટિનું હોવાથી શુદ્ધ તત્ત્વ નથી. શુદ્ધ તત્ત્વ ભાસક કોટિમાં રહે છે.

૨ યોગસિદ્ધિમાં જે આસક્ત છે, તે અસુતૃપ્ત છે; તેમને સિધ્ધિઓનું પૂરું સુખ મળતું નથી; કારણ કે તે અનિત્ય છે અને મોક્ષસુખ પણ મળતું નથી; કારણ કે વૈરાગ્યનો અભાવ છે, તેથી તેમને સંસાર મળે છે.

૩ યોગી પ્રાણનિરોધથી પોતાનું આયુષ્ય લંબાવી શકે છે. જે અવસ્થામાં પ્રાણ ચાલતા નથી, તેની ગણતરી આયુષ્યમાં થતી નથી,

૪ કોઈ ચીજ ભોગવવા યોગ્ય માનવાથી તેનું વ્યસન ઉત્પન્ન થાય છે.

૫ ઘટ વગેરેથી પણ બ્રહ્મ વધારે સ્પષ્ટ હોવાથી અને સ્વ-પ્રકાશ હોવાથી ચિત્તનો નિરોધ બ્રહ્મજ્ઞાનીને સહેજ થઈ

જાય છે.

૬ જેનું મન નિર્વાસન થઈ ગયું છે, તેને કર્મ કરવાથી કે ન કરવાથી, સમાધિથી કે જપથી વિશેષ અર્થ નથી.

૭ વિષયીને વિષય ન મળે તો ચિંતા થાય છે અને મળે તો શાસ્ત્રથી ઉત્પન્ન થયેલ વિવેકબુદ્ધિને બગાડી દે છે.

૮ દ્વૈતદર્શનની ઉપેક્ષા કરો; શાસ્ત્રમાં ભેદદર્શનને હેય (ત્યાગવા યોગ્ય) માનેલ છે.

૧૭ : કાળ

૧ જેની સાચી ઉત્પત્તિ નથી, તેની સ્થિતિ નથી. પ્રાતિભાસિક વસ્તુની ઉત્પત્તિ બનતી નથી, તેની પ્રતીતિ બની શકે છે.

૨ સૂર્યમાં જેમ ઉદય અને અસ્તનો વ્યવહાર કલ્પિત છે,તેમ બધો કાળ કલ્પિત છે. કાળ એ સ્થાનધર્મ છે.

૩ જાગ્રતમાં દ્વૈતદર્શનથી ભય અને સુષુપ્તિમાં દ્વૈતદર્શનના અભાવથી ભયનો અભાવ બધાના અનુભવમાં છે.

૪ બુદ્ધિ કાળને આધીન છે અને કાળ બુદ્ધિને આધીન છે; તેથી બંને પરતંત્ર છે.

૫ બ્રહ્મમાં ક્રિયા રહે તો બ્રહ્મ વિકારવાન થાય.

૬ બ્રહ્મ વસ્તુતંત્ર છે, ઉપાસના પુરુષતંત્ર છે. જે વસ્તુતંત્ર છે. તેમાં નિષ્ઠા કરવી એ કર્મ નથી, એ સ્વભાવિક ધર્મ છે.

૭ લોકસેવામાં અનાત્મભાવના વિચાર રાખવા પડે છે. અને તે વિચારને પોષવા માટે બીજા અનાત્મભાવના વિચાર રાખવા પડે છે. જે પોતે સર્પના મોઢામાં પડેલ છે, તે બીજાને શી રીતે છોડાવી શકશે ?

૧૮ : નિરતિશય આનંદ

૧ સંસારદશામાં નિરતિશય આનંદ પ્રત્યક્ષ થાય નહિ.જ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ થાય ત્યારે કલ્પિત ભેદની નિવૃત્તિ થાય; તે પછી પ્રત્યક્ષ આનંદનો અનુભવ થાય.

૨ નિરતિશય આનંદની અપરોક્ષતા સ્વપ્રકાશ ચેતનરૂપ છે, વૃત્તિરૂપ નથી.

૩ જેમ તપ્ત લોહપિંડમાં છાંટેલું જળ પોતાના સહિત અગ્નિનો નાશ કરે છે, તેમ વૃત્તિ આવરણભંગ કરી પોતાનો નાશ કરી, સ્વરૂપઆનંદ માટે જગ્યા આપે છે.

૪ અપરોક્ષ ધર્મ ચેતનનો છે, વૃત્તિનો નથી.

૫ જે વૃત્તિ-ચેતનમાં જેટલા પદાર્થ ભાસે છે, તે વૃત્તિથી તે પદાર્થના સંસ્કાર ઉત્પન્ન થાય છે. જગદાકાર વૃત્તિ આવરણ ઉત્પન્ન કરે છે, અને બ્રહ્માકાર વૃત્તિ આવરણ ભંગ કરે

છે.

૬ જેમ ભાસમાન દીપપ્રભા તીવ્ર વાયુરૂપ વિક્ષેપથી સ્પષ્ટ ભાસતી નથી, વાયુ ન હોય તો સ્પષ્ટ ભાસે છે; તેમ સંસારદશામાં આનંદનું ભાન જરૂર થાય છે, પણ મિથ્યાજ્ઞાન અને તેના સંસ્કારરૂપ વિક્ષેપથી તે આનંદ સ્પષ્ટ ભાસતો નથી. મોક્ષકાળે વિષયનો અભાવ હોવાથી તે આનંદ સ્પષ્ટ ભાસે છે.

૭ અંતઃકરણની વૃત્તિમાં પરિચ્છિન્નતા વધારે-ઓછી હોય છે.વૃત્તિ જેમ વધારે વ્યાપક રહે, તેમ વધારે આનંદ લઈ શકાય છે. લોકસેવા, દેશસેવામાં વૃત્તિ કાંઈક વધારે વ્યાપક થાય છે. બ્રહ્મજ્ઞાનમાં પૂર્ણ વ્યાપક થઈ બ્રહ્મમાં લીન થઈ જાય છે. તેને લૌકિક ભાષામાં પ્રકૃતિ-પુરુષનો વિવાહ કહે છે.

૧૯ : બનાવ

૧ ભુતકાળમાં જે બની ગયું, તે યાદ કરવાનું કામ માણસના મનમાં છે. તે બનાવ પોતે કહેતો નથી કે, હું ક્યારે બન્યો.

૨ કાળનો અનુભવ, ઘણી વસ્તુ એકસાથે જોવાથી અથવા વારંવાર જોવાથી થાય છે. આ ક્રિયા બહારની વસ્તુમાંથી ઉત્પન્ન થતી નથી, પણ જોનારની દૃષ્ટિમાંથી ઉત્પન્ન થાય છે; તેથી કાળ માણસના મનમાંથી બને છે.

૩ જ્યાં બધે એક વસ્તુ દેખાય, ત્યાં ભૂત, વર્તમાન કે ભવિષ્ય બનતા નથી, એ દશામાં પ્રારબ્ધ નથી.

૪ જીવ પોતાની મતલબથી પૂર્ણમાંથી થોડું ગ્રહણ કરી તેને પૂર્ણ માની લે છે અને વધારે વિચાર કરતાં પાછળથી તે અપૂર્ણ લાગતાં દુઃખી થાય છે.

૫ આપણે જે બહારની વસ્તુ દેખીએ છીએ, તેની જે આકૃતિ આપણી અંદર પડે છે, તે આકૃતિની જે અસર આપણી અંદર ઉત્પન્ન થાય છે, તે બહારની વસ્તુમાંથી આવતી નથી, પણ આપણા મનમાં ઉત્પન્ન થાય છે.

૬ સ્વપ્નમાં કોઈ વસ્તુ ઉત્પન્ન થાય કે નષ્ટ થાય, તેથી આત્માને કાંઈ થતું નથી. તેવું જ જાગ્રતમાં પણ છે.

૭ માયામાં ગમે તેવું આડું અવળું બને, સૂર્ય ઠંડો થઈ જાય અને ચંદ્ર ગરમ થાય, તોપણ જીવન્મુક્તને તેમાં આશ્ચર્ય થતું નથી. સ્વપ્નના અગ્નિથી જીવ બળતો નથી. અધ્યસ્તના ધર્મથી અધિષ્ઠાનને કાંઈ થતું નથી.

૨૦ : પૂર્ણતામાં સુખ છે

૧ જે પરિપૂર્ણ છે તેમાં જ સુખ છે, અલ્પમાં સુખ નથી; તેથી અલ્પ દુઃખરૂપ છે.

૨ જગતના અનિત્ય પદાર્થ યાદ આવશે, તો મનને આત્માનું અનુસંધાન રહેશે નહિ.

૩ મુરઘીનો એક ભાગ ખાવામાં વાપરવો અને બીજો ભાગ ઈંડા ઉત્પન્ન કરવા માટે રાખવો, એવું બની શકતું નથી. તેને આખી ખાવી જોઈએ અથવા આખી ઈંડા માટે રાખવી જોઈએ; તેમ સિદ્ધાંતમાં બ્રહ્મનો એક ભાગ વ્યવહારમાં રાખવો અને બીજો ભાગ પરમાર્થમાં રાખવો, એ બની શકશે નહિ.

૪ સ્વપ્નમાંથી જાગેલા માણસને સ્વપ્નના માણસોને મદદ કરવાની ઈચ્છા થતી નથી; તેવી જ રીતે બ્રહ્મદશા જેમણે પ્રાપ્ત કરી હોય છે, તેમની દૃષ્ટિમાં મદદ કરવા જેવા બીજા રહેતા નથી.

૫ સ્વપ્નનો માણસ એમ કહેતો નથી કે, આ બીજા જે તે વખતે દેખાય છે, તે જાગશે તો જ હું જાગીશ.

૬ ખોટો સર્પ જેમ રજ્જુને ઢાંકે છે, તેમ પ્રાતિભાસિક જગત બ્રહ્મનું આવરણ કરે છે.

૭ પ્રાતિભાસિક વસ્તુ એ કોઈ વસ્તુ નથી; છતાં તેનું જ્ઞાન રાખીએ, તો અર્થકારી થાય છે. અજ્ઞાત પ્રાતિભાસિક સર્પ બીક ઉત્પન્ન કરતો નથી.

૨૧ : અજ્ઞાન

૧ પોતાને જાણ્યા વગર જગતને જાણવું, એ મોટામાં મોટી ભૂલ છે.

૨ જેને બધાં શરીર પોતાનાં લાગે છે, તેને પોતાના કયા શરીરનો સ્વભાવ ફેરવવો તેનો વિચાર કરવાની જરૂર નથી. પૂર્ણ ભાવમાં ઉપાધિની નિવૃત્તિ થાય છે.

૩ રજ્જુમાં પહેલાં સર્પ દેખાય, પછી દંડ દેખાય, પછી માળા દેખાય; એવી સ્થિતિમાં વસ્તુ અને કાળ બંને ખોટાં છે; તેવી જ રીતે આજનું જગત, પછી કાલનું જગત, પછી પરમ દિવસનું જગત દેખાય; તેમાં વસ્તુ અને કાળ બંને ખોટા છે. બધા બનાવમાં એક બ્રહ્મ અનુસ્યૂત છે.

૪ સ્વપ્નમાં ઘણું દેખાય, તો તે બંધ આંખવાળા માટે છે. આંખ ખોલે તો બધું એક છે. સ્વપ્નમાં ૧૦૦ માણસ દેખાય અને એક તેને જોનારો હોય, તે બધા મળીને ૧૦૧ થતા નથી, પણ એક થાય છે; કારણ કે ૧૦૧ જાગતા નથી. તેવું જ જાગ્રતમાં છે.

૫ સ્વપ્નમાં ૧૦૧ શરીર દેખાયાં, તેમાં એક જ શરીર પોતાનું માનવું એ ભૂલ છે; તેમ જાગ્રતમાં એક શરીર પોતાનું માનવું ભૂલ છે. સ્વપ્નમાં જે એક પોતાનું માને છે, તે જ ૧૦૦ પોતાના નહિ એમ માને છે. તેને ૧૦૦ તેનાં છે, એમ તે વખતે સમજાવવું મુશ્કેલ છે; તેવી જ રીતે જાગ્રતમાં જે એક શરીર પોતાનું માને છે, તે જ બીજા પોતે નથી એમ માને છે. તેને બધા પોતાના છે એમ મનાવવું મુશ્કેલ પડે છે.

૬ પ્રતીતિમાં દ્રષ્ટા અર્થસત્તા કલ્પે, તો અર્થસત્તા જણાય છે.

૭ વાસનાના રોગથી પકડાયેલા ચિત્તનું રૂપ, એ મોટા જગતના વિભ્રમરૂપે જોવામાં આવે છે.

૮ ચિત્ત જ જગતને બનાવે છે અને ચિત્ત જ તેને નષ્ટ કરી નાખે છે.

૯ કોઈ માણસ બે મહિના સુધી માંદો રહ્યો, તે વખતે સાજું શરીર કેવું હોય તેનું જ્ઞાન તેને થતું નથી. પછી તે સાજો થાય છે ત્યારે સાજો માણસ કેવો હોય તે બાબત કોઈને પૂછતો નથી. તે જ પ્રમાણે અજ્ઞાન દશામાં આત્માનો આનંદ સમજાય નહિ. જ્ઞાન થશે ત્યારે તે બાબત કોઈને પૂછવાની જરૂર નહિ રહે.

૨૨ : ભ્રાંતિ

૧ શુધ્ધ ચૈતન્યમાં ચિત્તાકાશનો આભાસ, તેને જ જગત કહે છે.

૨ ભગવાનથી જાુદું કોઈ નથી, તેથી બધા માણસો હમેશાં ભગવાનને અડેલા છે. કોઈ માણસ ઢેડને અડીને કહે છે કે હું અભડાઈ ગયો, તો ભગવાનને અડી ભગવાન થઈ ગયો, એમ કેમ કહેતો નથી ?

૩ જેમ એક માણસનું સ્વપ્ન બીજા માણસના જાણવામાં

આવતું નથી, તેમ અજ્ઞાનીનું જગત જ્ઞાનીના વિચારમાં આવતું નથી. અજ્ઞાનીના જ્ઞાનનો ક્રમ, એ વસ્તુનો ક્રમ નથી.

૪ આત્માથી જાુદું દેખાય, તેને આત્મા કહે છે.

૫ જે પ્રાતિભાસિક છે, તેની ઉત્પત્તિ કે નાશ થતો નથી.

૬ ચાલતી ટ્રેનમાં ભોજન કરતો માણસ સમજે છે, કે હું એક જગ્યાએ બેસી ભોજન કરુ છું, પણ તે ભૂલ છે. એક ગ્રાસ ખાધા પછી બીજો ગ્રાસ લેતી વખતે તે અને તેની થાળી બીજી જગ્યાએ (રેલ્વેના પાટા ઉપર) ધસી ગયાં હોય છે; તેવી જ રીતે આપણી પૃથ્વી ઉપરની ક્રિયા માટે સમજવાનું છે. આપણી પૃથ્વી સૂર્યની આસપાસ એક સેકંડમાં ૧૮ માઈલની ગતિએ ફરે છે. તેથી પૃથ્વી ઉપરની કોઈ વસ્તુ બીજી સેકંડે એક ઠેકાણે રહેતી નથી; છતાં રહેતી હોય તેવું દેખાય છે. અમદાવાદમાં ભદ્રના ટાવરમાં બપોરે બાર વાગ્યા પછી બીજે દિવસે ૧૪ લાખ માઈલ દૂરથી બાર વાગે છે, પણ માણસ પૃથ્વીની સાથે ફરે છે, તેથી ભૂલની ખબર પડતી નથી; તેવી જ રીતે માયામાં રહેલ માણસને માયામાં રહેલ ભૂલની ખબર પડતી નથી.

૭ હાલના કેટલાક ખગોળવેત્તા કહે છે કે, પૃથ્વી ફરે છે, પણ સૂર્ય ફરતો નથી; એ વાત તો પૃથ્વીથી અલગ રહીને જોઈએ ત્યારે જાણી શકાય; તેવી જ રીતે

બ્રહ્મમાં ક્રિયા જોવી હોય, તો બ્રહ્મથી અલગ થવું પડે; બ્રહ્મની સાથે રહીને ક્રિયા જોઈ શકાશે નહિ.

૮ જે માણસ હમેશાં ઊંચી દશામાં રહે છે, તેના પ્રત્યે બધી વસ્તુઓનો ઊર્ધ્વ ભાગ અનુકૂળ રહે છે અને જે માણસ હલકી દશામાં રહે છે, તેના પ્રત્યે બધી વસ્તુઓ હલકો ભાવ બતાવે છે.

૯ જીવને ઉપાધિધર્મનું અભિમાન રહે છે; ઈશ્વરને ઉપાધિધર્મનું અભિમાન રહેતું નથી.

૧૦ જે પોતાનાં નથી એવાં સ્ત્રી, પુત્ર અને ઘર વગેરેમાં 'એ મારાં છે' એવી જે પ્રબળ મિથ્યા ભ્રાંતિ થાય છે, તે બરાબર સમજી નિવૃત્ત કરવી જોઈએ.

૨૩ : આવરણ

૧ મધ્યકાળનો સૂર્ય પણ જેને નેત્ર નથી તેને માટે આવૃત્ત છે તેમ પરમ આનંદરૂપ આત્મા પણ અજ્ઞાનીને અનુભવમાં આવતો નથી.

૨ બુદ્ધિની ચંચળતા સંસાર ઉત્પન્ન કરે છે, તેથી સંસારમાં નિવૃત્તિનું સુખ મળતું નથી.

૩ સંસારી માણસોના સંગથી કોઈને લાભ થયો નથી.

૪ જીવન્મુક્તિના સુખને અને પ્રવૃત્તિને વિરોધ છે.

૫ જ્ઞાનીનાં કર્મ કર્તવ્યબુદ્ધિથી થતાં નથી, પણ લીલાબુદ્ધિથી થાય છે.

૬ યાજ્ઞવલ્કયે સંસારમાં રહેવા માટે પ્રશ્ચાતાપ કરેલ છે.

૭ અપ્રાપ્તનો નિધષોયથ નહિ, તેથી સૃષ્ટિની કલ્પના કરી નિષેધ કરવાની રીત છે.

૮ અવિદ્યા-ઉપહિત આત્મા સંસારનો કલ્પક છે.

૯ જેની વૃત્તિ-ઉપહિતમાં સર્પ વગેરે અધ્યસ્ત છે, તેને તે પ્રતીત થાય છે બીજાને નહિ; તેથી આવરણ વ્યક્તિગત છે.

૨૪ : વિક્ષેપની નિવૃત્તિ

૧ જ્યાં જ્યાં વિક્ષેપ લાગે, ત્યાં ત્યાં ભગવાન ગુરુરૂપે પધાર્યા છે એમ માનવું.

૨ પોતાને કોઈ ઓળખે નહિ તો ઠીક, એવી ઈચ્છા ભક્ત-જ્ઞાનીને હોય છે.

૩ મારો પગ ભાંગ્યો એમ કહેવાય છે, હું ભાંગ્યો એમ કહેવાતું નથી; હું અખંડ રહે છે.

૪ મારું મન એમ સૌ કહે છે. હું મન એમ કોઈ કહેતું નથી; તેથી આત્માનુ અને મનનું ભિન્નપણું

છે.

૫ અરીસાનો મેલ પ્રતિબિંબમાં છે એમ ભ્રાંતિ થાય છે. અરીસો સાફ કરવાથી પ્રતિબિંબનો મેલ દૂર થાય છે, તેમ અંતઃકરણના દોષને લીધે જીવપણું છે; તે દોષ દૂર થાય, તો જીવનો બ્રહ્મરૂપે અનુભવ થવા લાગે.

૬ છાયાનું માન કે છાયાનું અપમાન જ્ઞાનીને બાધ કરતું નથી.

૭ જેને વિષયમાં ચિત્ત નથી, તેને ભગવાન જ વિષય છે.

૮ અભેદભાવ થવો તે એકાંતભક્તિ છે.

૯ દેહનું અભિમાન જ્યાં સુધી છૂટ્યું નથી, બ્રહ્મમાં સ્થિતિ થઈ નથી, ત્યાં સુધી વિષયનો સંગ જરૂર બંધનમાં નાખે છે.

૨૫ : પદાર્થ

૧ જેમાં સત્તા નથી એ કોઈ પદાર્થ નથી.

૨ માંદો માણસ કહે છે કે, બહાર આવવાની શક્તિ નથી; સાજો થયા પછી શક્તિ છે, પણ બહાર આવવાની ઈચ્છા નથી; સગુણમાં અનંત શક્તિ છે, પણ તેને નિમિત્ત મળે તો અભિવ્યક્ત થાય; એટલે કે ભક્ત ભગવાનની મદદ માગે, ત્યારે તેનો અનુભવ થાય.

૩ શાસ્ત્રીય પુરુષાર્થથી મંદ પ્રારબ્ધ તૂટે છે.

૪ દુઃખ પ્રારબ્ધ-કર્મથી આવે છે, પણ તે વખતે શાંતિ રાખવી અને ' મને દુઃખ કેમ આવ્યું ' એવો ભ્રમ ઉત્પન્ન થવા ન દેવો, એ પુરુષાર્થનું ફળ છે.

૫ જીવન્મુક્તિમાં પાંચ પ્રયોજન નીચે પ્રમાણે છેઃ

૧ જ્ઞાનરક્ષા = સંશય અને વિપર્યયની નિવૃત્તિ,

૨ તપ = મન અને ઈંદ્રિયોની એકાગ્રતા,

૩ વિસંવાદનો અભાવ = બ્રહ્મદૃષ્ટિ પાકી થતાં ક્રોધ આવે નહિ, કોઈની નિંદા થાય નહિ.

૪ દુઃખનિવૃત્તિ = વૃત્તિ આત્માકારે રહે, અનાત્માકારે થાય નહી,

૫ પરમાનંદની પ્રાપ્તિ = આવરણ અને વિક્ષેપ ન હોવાથી.

૬ પાઠવ્યસન છોડી અંતર્મુખ થવું.

૭ સ્વપ્નમાં ચોરી કરી, કેસ ચાલ્યો, ૧૫ વર્ષની સજા થઈ; ૫ વર્ષ જેલ ભોગવી, પછી જાગ્યા; હવે ૧૦ વર્ષની જેલ કોણ ભોગવે ? જાગ્યા પછી એમ લાગ્યું કે, જેણે ભુલ કરી તે હું નહિ; તેવી જ રીતે જાગ્રતમાં કર્મ કર્યા. કેટલાંક બાકી રહ્યાં; પછી બ્રહ્મજ્ઞાન થયું, તો બાકીના કર્મ કોણ ભોગવે ? જ્ઞાન થયા પછી એમ લાગ્યું કે,

જેણે કર્મ કર્યાં તે હું નહિ. એવા જ્ઞાનથી મુક્તિ મળે છે.

૨૬ : ખૂનીનો છુટકારો

૧ કોઈ કોર્ટમાં ખૂનનો કેસ ચાલતો હોય, ત્યારે બચાવપક્ષવાળા એવું સિદ્ધ કરે છે કે, જે વખતે ખૂન થયું તે વખતે ખૂની બીજી જગ્યાએ હતો.

૨ તેવી જ રીતે શિષ્યને જન્મ-મરણની જેલમાંથી બચાવવા માટે ગુરુ એમ સિદ્ધ કરી આપે છે કે, જે વખતે કર્મ થાય છે, તે વખતે પણ શુદ્ધ આત્મા શુધ્ધ જ હોય છે.પ્રમાતા કર્મ કરે છે અને પ્રમાતા બંધાય છે. આત્મા તે વખતે પણ મૂળ સહજ સ્થિતિમાં હોય છે. પ્રમાતા કાળને આધીન છે. આત્મા કાળને આધીન નથી.*

૩ અથવા બચાવપક્ષનો વકીલ એમ સિદ્ધ કરે છે કે, ખૂન કરતી વખતે ખૂની ગાંડી દશામાં હતો અથવા તેણે દારૂનો નશો કર્યો હતો. તેવા પ્રસંગે પણ ફાંસીની શિક્ષા થતી નથી.

૪ તેવી જ રીતે જીવ પોતાના અજ્ઞાનથી થયેલા કર્મની ભગવાન પાસે માફી માગે અને ફરીથી તેવા કર્મ કરવાની ઈચ્છા ન રાખે, તોપણ તેના ઉપર ભગવાનની

* આ દૃષ્ટાંત ખૂન કરવા માટે નથી, પણ આત્માની શુદ્ધિ સમજાવવા માટે છે.

દયા છે અને કર્મ બંધન થતું નથી.

૫ કોર્ટમાં જ્યારે કોઈ કેસ ચાલે છે, ત્યારે તેને માટે પુરાવાની જરૂર પડે છે અને આરોપીનો સ્વભાવ કેવો છે તેની બરાબર તપાસ થાય છે. તેવી જ રીતે જે જીવને માયા દેખાય છે તેનું પ્રમાણ શું છે અને તે જીવનો સ્વભાવ કેવો છે તેની તપાસ વેદાંત કરે છે.

૬ વળી કોર્ટ માં કોઈ કહે કે, કોઈએ ખૂન કરેલું છે અથવા અમુક પ્રસંગ બનેલો છે તો તેવું કહેનારે તેનો પુરાવો રજૂ કરવો પડે છે.જે વકીલ કહે છે કે, તે બનાવ બનેલ નથી, તેને પોતાની વાત સિદ્ધ કરવી પડતી નથી. તેવી જ રીતે જેઓ કહે છે કે, જગત ઉત્પન્ન થયેલ છે, તેણે તે બાબત સિદ્ધ કરવી જોઈએ. જે કહે છે કે, જગત ઉત્પન્ન થયું નથી, તેને પોતાની વાત સિદ્ધ કરવી પડતી નથી. જગતની ઉત્પત્તિ માટે પણ દેશકાળ જોઈએ અને દેશકાળની ઉત્પત્તિ માટે પણ દેશકાળ જોઈએ; તેથી અજ્ઞાનકાળે માત્ર જગતની પ્રતીતિ છે. અવિદ્યા પણ જગતનું કારણ નથી; પણ અવિદ્યા અને જગત સમકાલે પ્રતીત થાય છે. એ બાબત ભૂમાવિદ્યામાં શ્રીશંકરાચાર્યે સ્પષ્ટ કરેલ છે.

૨૭ : બંધનનું સ્વરૂપ

૧ બહારના વિષયો ન હોવા છતાં જીવ સ્વપ્નમાં બંધાય છે. નિદ્રામાં, મૂર્છામાં અને સમાધિમાં બહારનું જગત

હોવા છતાં જીવ બંધાતો નથી. બંધનનું કારણ મનની આસક્તિ છે.

૨ જ્ઞાન થયા પછી પ્રારબ્ધકર્મ સુખ-દુઃખ આપશે, પણ તેમાં સત્યત્વ બુદ્ધિ ઉત્પન્ન કરી શકશે નહિ.

૩ રજ્જુના જ્ઞાનથી સર્પનું જ્ઞાન નીકળી ગયા પછી પહેલાંની થયેલી બીકમાટે પસ્તાવો થાય છે; તેમ આત્મજ્ઞાન થતા પહેલાં જગતનાં વ્યવહારમાં લાગેલ માયાની અસર માટે પસ્તાવો થાય છે.

૪ જ્ઞાન અને કર્મનો સમ-સમુચ્ચય બની શકતો નથી, પણ ક્રમ-સમુચ્ચય બની શકે છે.

૫ કોઈ એમ પ્રશ્ન કરે છે કે , જો બધાં શરીરોમાં જીવ એક હોય તો બીજાનું દુઃખ આપણને થવું જોઈએ અને બીજાનું સુખ પણ આપણને લાગવું જોઈએ. તેનો ઉત્તર નીચે પ્રમાણે છે:

ભૂતકાળનાં અને વર્તમાનકાળનાં સર્વ શરીરોમાં જીવ એક હોવા છતાં જન્માંતરનાં સુખ વગેરેનું અનુસંધાન આપણને થતું નથી; ત્યાં બીજા પ્રકારથી અનુસંધાનનો અભાવ કહેવો સંભવતો નથી, પણ જીવ એક હોવા છતાં વર્તમાન શરીરથી પૂર્વજન્મનું શરીર ભિન્ન છે; તેમાં આપણને જન્માંતરના સુખદુઃખ વગેરેનું અનુસંધાન થતું નથી એમ કહેવું પડે છે; તેમ (અવિદ્યામાં

પ્રતિબિંબરૂપ) સર્વ શરીરમાં જીવ એક હોવા છતાં શરીરભેદથી સુખદુઃખની વ્યવસ્થા બને છે; તેથી બધાને બધાના શરીરનાં સુખદુઃખ વગેરેનું અનુસંધાન થતું નથી.

૨૮ : અર્થસત્તા અને પ્રતીતિ

૧ પ્રતીતિ અનુસાર અર્થસત્તા જણાય છે, એમ હાલના સાપેક્ષવાદથી સિદ્ધ થયેલું છે.

૨ જેની વૃત્તિ-ઉપહિતમાં સર્પ વગેરે અધ્યસ્ત છે. તેને તે પ્રતીત થાય છે, બીજાને નહિ.

૩ શુદ્ધ આત્મા અવિદ્યાનો કલ્પક હોય, તો મોક્ષદશામાં પણ સંસાર થવો જોઈએ; તેથી અવિદ્યા-ઉપહિત આત્મા (પ્રમાતા) સંસારનો કલ્પક છે.

૪ બધું ઈંદ્રિયજન્ય જ્ઞાન અપરોક્ષ થાય એવો નિયમ નથી. સુખનું જ્ઞાન ઈંદ્રિયજન્ય નથી, છતાં અપરોક્ષ થાય છે.

૫ સંન્યાસીઓએ નિષ્ઠામાં રહેવું અથવા સજાતીય પ્રવાહમાં રહેવું.

૬ યાજ્ઞવલ્કયને નિષ્ઠા ન થઈ. તેથી પશ્ચાત્તાપ થયેલો છે. તેને નિષ્ઠા ન થાય તેવો વિક્ષેપ સંસારમાં હતો.

૭ રાસલીલા એટલે રામલીલા જેવું સમજવું. એકને

બદલે બીજું દેખાય તેને લીલા કહે છે. સમૂહની લીલા એ રાસલીલા.

૮ 'બ્રહ્માર્પણં બ્રહ્મ હવિ' ની માફક બધું બ્રહ્મરૂપ છે.

૯ અન્વયભાવે આત્માના સ્વભાવરૂપી ઉપાદાનથી બધાની અભિન્નતા હોવાથી ત્યાગ-ગ્રહણ જેવું કાંઈ બનતું નથી. પોતાના સ્વરૂપમાં ત્યાગ-ગ્રહણ જેવું કાંઈ બનતું નથી.

૧૦ સ્વપ્નમાં ઘર નથી, તો તેમાં ઈંટ કેટલી હતી અને તેનો ઘડનારો કોણ હતો ? એ બધાની ગણતરી નકામી છે. સ્વપ્નમાં કુંભાર, માટી, ચાકડો, બધું પોતે છે.જાગ્રતમાં પણ પ્રમાતા ,પ્રમાણ, પ્રમેય પોતે જ છે; તેથી કારણ-કાર્ય ભાવ ખોટો છે.

૧૧ કારણ-કાર્યભાવ સાચો કરવો હોય, તો તેમાં ક્રમ જોઈએ. બ્રહ્મમાં ક્રમ નથી, તેથી પરિણામ નથી,અને તેથી કારણ- કાર્યભાવ સાચો નથી.

૨૯ : એક ચિત્રકારની મૂંઝવણ

૧ એક ચિત્રકાર એક નાના જંગલમાં એકલો ઉભો હતો. તેને એવી ઈચ્છા થઈ કે, અહીં જે દેખાય છે તેનું ચિત્ર તૈયાર કરું. એમ વિચાર કરી કાગળ અને પેન્સિલ લઈને ત્યાં દેખાતાં ઝાડ, નદી વગેરેનું ચિત્ર તૈયાર કર્યું.

૨ પછી તેને એવો વિચાર આવ્યો કે, અહીં કોઈ વસ્તુ બાકી રહી જાય છે કે નહી ? એમ વિચાર કરતાં તેને એવું લાગ્યું કે, હું પણ આ જંગલમાં છું; તેથી તેણે બીજુ ચિત્ર એવું તૈયાર કર્યું કે જેમાં પોતે તે જંગલમાં ચિત્ર કરતો હતો; એટલે જંગલ અને તેને જોવાવાળા તરીકે પોતાનું શરીર પણ તે ચિત્રમાં દાખલ કર્યું.

૩ તે પછી તેને એવો વિચાર આવ્યો કે, હજુ કાંઈ બાકી રહી જતું હોય તો ચિત્રમાં દાખલ કરું. એમ વિચાર કરતાં તેને એવું લાગ્યું કે, હું આ જંગલમાં ચિત્ર બનાવું છું, તેને પણ જોઉ છું. તે જોનારાને પણ ચિત્રમાં દાખલ કરવો જોઈએ, તેથી તેણે ત્રીજું ચિત્ર તૈયાર કર્યું. તેમાં જંગલનો દેખાવ, તેનુ ચિત્ર કરનાર પોતે અને તે બધાને જોનારો પોતે ઊભો હોય તેવું ચિત્ર તૈયાર થયું.

૪ એટલું કર્યું તોપણ એ ત્રીજા ચિત્રને જોનારો બાકી રહી ગયો. હવે તેની મૂંઝવણ વધી પડી. જે ચિત્ર તૈયાર થાય, તેને જોનારો બાકી રહી જાય છે. પહેલાં ચિત્રનો દ્દષ્ટા બીજા ચિત્રમાં દૃશ્ય બની જાય છે, બીજા ચિત્રનો દૃષ્ટા ત્રીજા ચિત્રમાં દૃશ્ય બની જાય છે અને ચોથું ચિત્ર એ પ્રમાણે તૈયાર કરે, તો ત્રીજા ચિત્રનો દૃષ્ટા ચોથા ચિત્રમાં દૃશ્ય બની જાય; તેથી એમ સિદ્ધ થયું કે, જે મનથી જગત દેખાય છે તે મનથી જગતનું ખરુ તત્ત્વ જાણી શકાશે નહિ; કારણ કે મનને પણ કોઈ જોવાવાળો છે. ખરું જગત જાણવું

હોય તો જાણનારાને જુદો રાખવો જોઈએ અને તેનો સ્વભાવ અને તેનું પ્રમાણ નક્કી કરવાં જોઈએ; તે ચિત્રમાં આવી શકે નહિ. તે કેવી રીતે નક્કિ કરવા તેની હકીકત આ પુસ્તકની શરૂઆતમાં આપવામાં આવેલી છે.

૩૦ : અપરોક્ષ અનુભવ

૧ અપરોક્ષ અનુભવ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી સત્સંગ અને સત્શાસ્ત્રનું અવલોકન છોડવું નહિ.

૨ જ્યારે જ્યારે પરરચિત પ્રારબ્ધના સંસ્કાર સ્ફુરે, ત્યારે ત્યારે બ્રહ્મવિચારથી તેને દાબી દેવા.

૩ ભગવાન વ્યતિરિક્ત કાંઈ છે જ નહિ. ભગવાનમાં નિમગ્ન ચિત્ત રાખી ભગવાનના ગુણ ગાયા કરો.

૪ ચેતન નિર્ગુણ નિર્ધર્મ રસરૂપ છે; તેમાં જીવ ને તેના ધર્મ અને જગત ને તેના ધર્મ નિત્ય નિવૃત્ત છે.

૫ શ્રીહરિના મહિમામાં ખોવાઈ જવું, પછી કર્તવ્ય બુદ્ધિથી કાંઈ કર્તવ્ય નથી.

૬ આત્મજ્ઞાનથી જગત બ્રહ્મરૂપ થઈ જાય છે, તો ચિદાભાસ જેવી નાની વસ્તુ બ્રહ્મરૂપ કેમ ન થાય ?

૭ સ્મૃતિ, વિસ્મૃતિ વગેરે ધર્મ ચિદાભાસમાં રહેલા છે અને ચિદાભાસ શુદ્ધ ચૈતન્યમાં અધ્યસ્ત છે.

૮ રજ્જુમાં ભ્રાંતિથી કલ્પેલો સર્પ વિદ્યમાન ન હોવાથી વિવેકથી નિવૃત્ત થાય છે; તેવી જ રીતે બ્રહ્મમાં કલ્પેલું જગત અને ચિદાભાસ વિદ્યમાન ન હોવાથી વિવેકથી નિવૃત્ત થાય છે.

૯ બ્રહ્મસ્વરૂપની અવસ્થા સ્વતંત્ર છે સ્વસત્તાસ્ફૂર્તિમાં બીજાની અપેક્ષા નથી.

૩૧ : કાર્ય-કારણભાવ

૧ ચિત્તના વિષયની ચિત્ત કલ્પના કરે, ત્યારે કાર્ય-કારણનું અસ્તિત્વ દેખાય છે.

૨ જગત હોય તો સુષુપ્તિમાં અને સમાધિમાં દેખાવું જોઈએ. તેમાં દેખાતું નથી, તેથી જગત નથી. સ્વપ્નની માફક બહાર જતી વૃતિથી જગતની પ્રતીતિ માત્ર થાય છે.

૩ દરેક બનાવમાં એક કલ્પિત કાળ અને કલ્પિત જગ્યા રહેલી હોય છે.

૪ 'સોહમ્' ના સાક્ષાત્કારમાં બ્રહ્મનું પરોક્ષપણું નિવૃત્ત થાય છે અને જીવનું પરિચ્છિન્નપણું નિવૃત્ત થાય છે.

૫ સગુણ ઉપાસનામાં પણ જ્યારે પોતે મટી જાય, ત્યારે ઉપાસ્યરૂપ થાય છે; તેમ નિર્ગુણ અવસ્થા પણ નદી

સમુદ્રમાં મળે છે તેવી રીતે પોતે મટીને પ્રાપ્ત કરી શકાય છે.

૬ જે વસ્તુ અજ્ઞાનીને જગતરૂપે દેખાય છે.તે જ જ્ઞાનીને ભગવાનરૂપે દેખાય છે.

૭ શુદ્ધ બ્રહ્મમાં સ્મરણ કે વિસ્મરણ નથી.

૮ શ્રી હરિરૂપી આનંદસમુદ્રમાં માયાએ કરી વિવર્તરૂપે જણાતા પ્રારબ્ધ, જીવ, દેહ, જગત, સમષ્ટિ, વ્યષ્ટિ, જે ક્ષણે દેખાય તે ક્ષણે જ રજ્જુ સર્પની માફક દેખાય છે, આગળ પાછળ નહિ કલ્પિત હોવાથી.

૯ પારમાર્થિક શ્રીહરિ વિષે માયા વિના વ્યવહારદષ્ટિ સંભવે નહિ. અને વ્યવહારદષ્ટિ વિના ભિન્નત્વ અનુભવાય નહિ.

૩૨ : પ્રભુની લીલા

૧ પ્રભુને ભિન્નરૂપે રમવા કેમ ઈચ્છા થઈ ? એ પ્રકારના પ્રશ્ન ખોટા છે. ભિન્નત્વ જેને દેખાય છે તેને અજ્ઞાન છે. પ્રભુની દષ્ટિમાં ભિન્નત્વ નથી.

૨ પોતાને અને જગતને હરિથી ભિન્ન ન જોવા, એ જ ખરું જ્ઞાન છે, એ જ સમાધિ છે, એ જ ભક્તિ છે.

૩ જેમ સમુદ્રનું બિંદુ સમુદ્રભાવને પ્રાપ્ત થાય, પછી તેને સમુદ્રકુપાની યાચના સંભવતી નથી, તેમ ભગવદ્ ભાવને પ્રાપ્ત થયેલા ભગવદ્ભક્તોને ભગવાનની યાચના ન સંભવે; કારણ કે જેણે ભગવાનનો સાક્ષાત્કાર કરેલો છે, તેની દ્રષ્ટિમાં ભગવાનથી ભિન્ન જીવજગત રહેતાં નથી. જો યાચના કરનાર સેવક ભગવાનથી ભિન્ન રહે, તો દ્વૈતાપત્તિ થાય.

૪ કર્મમાં પ્રવૃત્તિવાળો માણસ અનન્ય ચિત્તથી યોગ સાધી શકતો નથી.

૫ સ્થૂળ કામનાઓનો નાશ એકાંતસેવનથી થાય છે.સ્વપ્નમાં જે સૂક્ષ્મ કામનાઓ દેખાય છે, તેમનો નાશ ભગવદ્ધ્યાનથી અને બ્રહ્માકારવૃત્તિના અભ્યાસથી થાય છે.

૬ વ્યુત્થાનદશામાં ભગવદ્ગુણગાનના આનંદમાં જે નિમગ્ન રહે છે, તેને દ્વૈતનો સંતાપ લાગતો નથી.

૭ પરાભક્તિ એટલે દ્વૈતદષ્ટિવર્જિત ભાવના.

૩૩ : મૃગજળ જોવાનો આનંદ

૧ મૃગજળ જોવાનો આનંદ નષ્ટ થાય, તો તેનો શોક જ્ઞાની પુરુષો કરતા નથી. સિદ્ધાંતમાં, જગતના કોઈ ભાવ તત્ત્વજ્ઞાનીને રંજન કરી શકતા નથી.

૨ જેઓ ઉપાધિના ધર્મનું અભિમાન લે છે, તેમને માયામોહ કરે છે. ભગવાનને ઉપાધિના ધર્મનું અભિમાન

નથી; જ્ઞાનીને પણ ઉપાધિના ધર્મોનું અભિમાન નથી.

૩ સુખ અને દુઃખ એ પ્રમાતાના ધર્મ છે, તેથી પ્રત્યગાત્માને કાંઈ થતો નથી.

૪ મૃગજળ જમીનને ભીની કરતું નથી, તેમ અધ્યસ્તનાં વિકારી ધર્મથી અધિષ્ઠાનમાં વિકાર થતું નથી.

૫ પોતે પૃથક જેવો થાય (દ્વૈતમિવ) ત્યારે બીજાને જોઈ શકે છે એવું શ્રુતિનું વાક્ય છે; તેથી અવિદ્યાથી ક્રિયા થાય છે.

૬ મૃગજળ ધીરે ધીરે સુકાતું નથી, તેમ માયા ધીરે ધીરે જતી નથી. મૃગજળને મૃગજળરૂપે જાણવાથી જ જળનો અભાવ થાય છે, તેમ માયાનું સ્વરૂપ જાણવાથી જ માયાનો અભાવ થાય છે.

૭ ઘટાકાશની માફક જીવ-ઉપાધિ સમકાલે જ પ્રતીત થાય છે.

૮ કાર્ય-કારણની કલ્પના, એ વંધ્યાસુતના ચૈતન્યની માફક મિથ્યા વિકલ્પ છે.

૯ આત્મા દુઃખી થતો હોય, તો આત્યંતિક દુઃખની નિવૃત્તિ વખતે આત્માના નાશનો પ્રસંગ આવે.

૩૪ : વિશ્વભાવના

૧ જેને વિશ્વ એ પોતાનું ઘર લાગે છે, તેને પરિગ્રહ રાખવાની જરૂર નથી.

૨ આપણે અખંડ આત્મારૂપ છીએ; તેમાં અન્યબુદ્ધિ એ ભ્રમ છે, તો પછી ત્યાગ-ગ્રહણનો આધાર ક્યાં છે.

૩ ખરી અસંગતા એટલે આત્મા સિવાય અન્યનો અભાવ.

૪ આત્મા અસંગ છે, પણ દેહના અભિમાનથી પોતાને મરણધર્મવાળો માને છે, ભોગથી ભોક્તા માને છે અને સંબંધથી સંબંધી માને છે; એવા અજ્ઞાનને પ્રમાદ કહે છે, તેથી પ્રમાદ એજ મુત્યુ છે. બ્રહ્મનિષ્ઠામાં પ્રમાદ કદાપિ કરવો નહિ.

૫ આત્મભાવ કોઈક જ મનુષ્ય વ્યવહારમાં લાવી શકે છે, તેથી જ્ઞાનનું ફળ સ્પષ્ટ જોવામાં આવતું નથી.

૬ જન્મ્યા પહેલાં કોઈ સાથે સંબંધ ન હતો, મર્યા પછી રહેતો નથી, તો પછી વચમાં સાચો સબંધ શી રીતે થાય ?

૭ દેહમાં અભિમાન છોડી એમ જાણવું કે, હું અસંગ શિવ છું; એ જ રસાયન છે અને મુત્યુનું મુત્યુ છે.

૮ ધનવાન માણસને પોતાનું ધન નષ્ટ થતાં જેટલું દુઃખ થાય છે, તેટલું દુઃખ પરમાત્માના ચિંતન વિના વખત ગાળવાથી કેમ નથી લાગતું ?

૯ વિક્ષેપની નિવૃત્તિ માટે નિદિધ્યાસન છે. જ્ઞાન તો મનનથી થઈ જાય છે.

૧૦ જ્ઞાનરૂપી સમાધિમાંથી વ્યુત્થાન થતું નથી. આત્મા અપ્રચ્યુત છે. સર્વદા પોતાને અખંડ અદ્વિતીય આત્મા સમજી રહેવું, એ જ્ઞાનસમાધિ છે. આત્માથી બીજું કાંઈ નથી, તેથી વ્યુત્થાન થતું નથી. આવી સમાધિ રામ, કૃષ્ણ વગેરેને હતી; તેને સહજાવસ્થા પણ કહે છે.

૩૫ : આત્મામાં સ્થિતિ

૧ બધું વિસ્મરણ કર્યા વગર આત્મામાં સ્થિતિ થશે નહિ.

૨ એમ ન સમજવું કે અવિદ્યા કાંઈ છે અને વિદ્યાથી તેની નિવૃત્તિ થાય છે. અવિદ્યાની પહેલેથી જ નિવૃત્તિ હતી, પણ માની લીધી હતી. ફરીથી વિચારતાં નિવૃત્તની નિવૃત્તિનો નિશ્ચય થઈ શકે છે.

૩ જો બધું બ્રહ્મ છે, તો હું બ્રહ્મ નથી એમ કેમ માની શકાય ? અને જો હું બ્રહ્મ છું એમ લાગે, તો અસંતોષ શાનો છે ?

૪ પ્રારબ્ધ દુઃખની નિવૃત્તિ માટે હોય છે, વ્યવહારના સુખની પ્રાપ્તિ માટે માનવું નહિ.

૫ દેહમાં અહંભાવ ન થાય, તો જીવ પોતે જ ઈશ્વર છે.

૬ પરમાર્થદર્શનથી જ ઈદંતા (જગત) ન હોવાથી ઈદંતાનો અધ્યાસ થતો નથી.

પ્રહ્‌લાદની માફક દૃઢ નિશ્ચય રાખવો જોઈએ.

૭ ઈદંતા ભ્રમથી કલ્પિત છે, ઈદંરૂપથી કાંઈ જોવું નહિ; સર્વ અહં સત્તા-સ્ફૂર્તિ-સ્વરૂપ છે.

૮ અજ્ઞાનના મહિમાથી જીવને સમાધિમાં વ્યુત્થાનનો ભ્રમ થઈ રહેલો છે. સમાધિમાં વિદ્વાનનો વ્યવહાર થાય છે; કારણ કે તેના નિશ્ચયમાં અધિષ્ઠાન સિવાય કાંઈ નથી.

૯ અજ્ઞાત બ્રહ્મમાં દૃશ્યનો અધ્યાસ છે. જો જ્ઞાન થયું તો અધ્યાસ ક્યાં છે ? આનંદ જ આનંદ છે.

૧૦ જેને જેવું વિશેષપણું પોતામાં હોય, તેને તેવો અધ્યાસ છે એમ જાણવું.

૧૧ જ્યાં ઈદંનો અધ્યાસ છે, ત્યાં ઈદં કોઈ છે જ નહિ, વાસ્તવમાં સર્વત્ર પોતે જ પોતે છે.

૩૬ : એક દ્રષ્ટા

૧ દૃષ્ટા એક જ છે, ઘણાં નથી.

૨ એ જ દ્રષ્ટા ક્ષણમાત્રમાં પોતાની કલ્પનાથી અનંત કાળની કલ્પના કરી લે છે; તેથી સંસારનું આયુષ્ય એક ક્ષણથી અધિક નથી. આ હેતુથી જ સંસારને ક્ષણભંગુર કહેલો છે.સંસાર એક ક્ષણે (અજ્ઞાનકાળે) ઉત્પન્ન થાય છે અને જ્ઞાન થાય, તો તે જ વખતે મટી જાય છે.

૩ ક્ષણમાત્ર કલ્પિત સંસાર છે, બીજી ક્ષણમાં રહેતો નથી; પણ પહેલાના જેવા બીજા સજાતીય સંસ્કારથી પહેલાંના જેવો દેખાય છે.

૪ જ્ઞાન થયા પછી નિશ્ચય થાય છે કે, મારાથી ભિન્ન કાંઈ થયું નહોતું અને થશે નહિ.

૫ જ્ઞાનનું ફળ અબ્રહ્મત્વ નિશ્ચયનો બાધ છે.

૬ નિરૂઢ બ્રહ્માભિમાન એ બ્રહ્માકાર વૃત્તિ છે.

૭ જેની દૃષ્ટિમાં અવિદ્યા અને સંસાર છે, તેની દૃષ્ટિમાં ઈશ્વર કારણ છે અને જગત કાર્ય છે; પરંતુ જેની દૃષ્ટિમાં કેવળ સન્માત્ર છે, તેને અવિદ્યા કે સંસારની ઉત્પત્તિ જણાતી નથી, તો કાર્ય-કારણભાવ ક્યાં રહે ?

૮ બોધની પુનરાવૃત્તિ એ બ્રહ્માકાર વૃત્તિનો પ્રવાહ છે.તે બ્રહ્મનિષ્ઠામાં ઉપયોગી છે, પણ તે આત્માનો ધર્મ નથી અંતઃકરણનો ધર્મ છે.

૯ જ્ઞાનીને અજ્ઞાનરહિત વિક્ષેપ વ્યવહારકાળમાં રહે છે, પણ સાથે સ્વરૂપાનુસંધાન વિદ્યમાન રહેવાથી એ વિક્ષેપ જતો રહે છે.

૧૦ આત્માની વિસ્મૃતિ થાય તો સ્મૃતિ માટે આવૃત્તિની જરૂર પડે છે, તેથી તેની વિસ્મૃતિ કરવી જ નહિ.

૩૭ : કુશળ સમાચાર

૧ આપણા સમાજમાં એકબીજાને મળતાં પહેલા કુશળ સમાચાર પુછવાની ટેવ છે. કેમ તબિયત તો ઠીક છે ને? એવો પ્રશ્ન એમ બતાવે છે કે, જાણે માત્ર તબિયત ઠીક રાખવાનું જ કામ કરવાનું કેમ ન હોય ?

૨ આગલા કાળમાં એમ પુછતા કે, 'કેમ સ્વસ્થ છો ને ?' એટલે આત્મામાં સ્થિતિ કરી રહેલા છો કે કેમ ? એ પ્રશ્ન વધારે સારો ગણાય છે.

૩ મરાઠી લોકો કોઈ સારા કામને અંતે એવું પુછે છે કે, 'તત્ત્વમસિ ઝાલા કાય ! ' એટલે તમે 'તત્ત્વમસિ'ના બોધ જેવું કાંઈ કર્યુ કે નહિ ? હાલમાં એવો પ્રશ્ન વ્યવહારમાં પણ વપરાય છે.

૪ એક સંન્યાસી એક વખત પોતાના પૂર્વાશ્રમના ગામમાં

ગયા હતા. ત્યાં તેના આગલા પરિચયમાં આવેલા એક શાસ્ત્રી મળ્યા. તે શાસ્ત્રીએ કહ્યું કે જ્યારે પૃથુરાજાને સનત્કુમાર મળ્યા, ત્યારે પૃથુરાજાએ તેમને પુછયું :

भवत्सु कुशलप्रश्न आत्मारामेषु नेष्यते ।
कुशलाकुशला यत्र न सन्ति मतिवृत्तयः ॥
(ભાગવત ૪-૨૨-૧૪)

આપ તો આત્મામાં રમણ કરવાવાળા છો, માટે આપ કુશળ છો કે નહિ એ પ્રશ્ન કરવો ઉચિત નથી; કારણ કે આપમાં કુશળ અથવા અકુશળરૂપ બુદ્ધિની વૃત્તિ ઊઠતી નથી. તેનો અર્થ શાસ્ત્રીજીએ એવો કર્યો કે, કુશળના સમાચાર તો આપે અમને પૂછવા જોઈએ કે, જેનામાં બે પ્રકારની વૃત્તિઓ ઊઠ્યા કરે છે.અમારાથી આપને એવો પ્રશ્ન પૂછી શકાય નહિ, આપ તો સદા કુશળસ્વરૂપ છો.

૩૮ : બ્રહ્મસુખ

શિષ્ય : અમને બ્રહ્મનું સુખ બતાવો, તો અમે સંસારનું સુખ છોડી દઈએ.

ગુરુ : કોઈ સાસરે જનાર કન્યા એમ કહેતી નથી કે, પહેલાં મને સાસરાના ઘરનું સુખ આપો, તો પિયરનું સુખ છોડું.

શિષ્ય : તોપણ આપ જેવા જ્ઞાની પુરુષ જરૂર બ્રહ્મ સુખ બતાવી શકો.

એ માગણી સાંભળી ગુરુએ શિષ્યને ગાલ ઉપર જોરથી તમાચો માર્યો અને શિષ્યને તેનાથી દુઃખ થયું.

શિષ્ય : મેં બ્રહ્મસુખ બતાવવાની માગણી કરી તેના બદલામાં આપે તમાચો માર્યો કે, જેથી મારુ દુઃખ ઊલટું વધ્યું.

ગુરુ : તારું દુઃખ બતાવ, તો હું બ્રહ્મનું સુખ બતાવું; તને દુઃખ થાય છે, તે હું શી રીતે જાણી શકું ?

શિષ્ય : તે શી રીતે બતાવી શકાય ? છતાં દુઃખ થયું તે વાત સાચી છે.

ગુરુ : તે જ પ્રમાણે બ્રહ્મસુખ સાચું છે, પણ તે બતાવી શકાતું નથી. બ્રહ્મજ્ઞાનથી કાર્ય સહિત અધ્યાસની નિવૃત્તિ થાય છે અને નિરતિશય બ્રહ્મનો આનંદ મળે છે. એવા અપરોક્ષ અનુભવથી વિદ્વાન કૃતકૃત્ય થાય છે.

૩૯ : જ્ઞાનની સામગ્રી

૧ જ્યારે છીપમાં રૂપાનો અધ્યાસ હોય, તે વખતે છીપનું જ્ઞાન થાય નહિ. છીપનું જ્ઞાન અને રૂપાનું જ્ઞાન એવા બે પ્રકારના જ્ઞાનની સામગ્રી પણ પ્રતિબંધક છે, તેમ જગતનું જ્ઞાન અને બ્રહ્મનું જ્ઞાન એવાં બે જ્ઞાન પ્રતિબંધક છે.

૨ રૂપાનું જ્ઞાન પ્રાતિભાસિક છે અને રૂપું પણ

પ્રાતિભાસિક છે, તેમ જગતનું જ્ઞાન પ્રાતિભાસિક છે અને જગત પણ પ્રાતિભાસિક છે.

૩ ઈંદ્રિયના સંબંધથી મિથ્યા જ્ઞાનની ઉત્પત્તિ પ્રસિદ્ધ છે (જેમ સ્વપ્નમાં), પણ તેવા સંબંધથી અર્થની ઉત્પત્તિ અથવા વસ્તુની ઉત્પત્તિ પ્રસિદ્ધ નથી. છીપમાં રૂપું આગળ, પાછળ કે વચમાં નથી, તેમ બ્રહ્મમાં જગત આગળ, પાછળ કે વચમાં નથી.

૪ અબાધ્યત્વ અને સત્યત્વ એ મિથ્યાત્વના વિરોધી છે. વેદાંતવાક્ય અજ્ઞાત, અબાધિત, બ્રહ્મનું બોધક હોવાથી પ્રમાણ છે. પ્રત્યક્ષ પ્રમાણ એ મુખ્ય પ્રમાણ નથી. नेह नानास्ति किंचन (અહીં ભેદ બિલકુલ બનતો નથી) એવી પ્રબળ શ્રુતિથી પ્રપંચને સત્ય માનનાર પ્રત્યક્ષ પ્રમાણનો બાધ થાય છે. દ્વૈતપ્રપંચમાં પારમાર્થિક સત્તાનો શ્રુતિ બાધ કરે છે.

૫ જ્યાં બીજાનું ભાન ન રહે, તે જ શાંતિપદ છે. જગતના વિલાસથી દ્વૈતની સિદ્ધિ નથી. કલ્પિત માયાથી બ્રહ્મનું સદ્વિતીયત્વ થતું નથી.

૬ વૃત્તિ વગરનો બ્રહ્મનો આનંદ વૃત્તિવાળી દશાથી સમજાશે નહિ. જે દશાનો જે આનંદ હોય, તે દશામાં આવીને તે લેવો જોઈએ. જે વસ્તુ ત્રણે કાળમાં અબાધ્ય છે, તે પ્રત્યક્ષ પ્રમાણનો વિષય થાય નહિ.

૪૦ : અજ્ઞાનીની દશા

એક ૭૫ વર્ષના માંદાં વૃદ્ધ ડોશીને જોવા જવાનો અમને પ્રસંગ મળ્યો હતો, તે વખતે નીચે પ્રમાણે વાતચીત થઈ હતીઃ

પ્રશ્ન : હવે ભગવાનનું નામ લો.

ઉત્તર : તે યાદ આવતું નથી.

પ્રશ્ન : તોપણ પરાણે યાદ કરો.

ઉત્તર : તોપણ યાદ આવતું નથી.

પ્રશ્ન : ત્યારે શું યાદ આવે છે ?

ઉત્તર : હાય મા અને વોય મા !

પ્રશ્ન : અજામિલની માફક એકવાર પણ ભગવાનને યાદ કરો.

ઉત્તર : મને મોત આપો.

પ્રશ્ન : ભગવાન મોક્ષ આપે તેવા છે. તમારી દીકરીની દીકરી તમને ગીતા સંભળાવશે. મેં તેમને યોગ્ય સૂચના આપી છે.

ઉત્તર : બહુ સારું.

૪૧ : જ્ઞાનીની દશા

એક બ્રહ્મનિષ્ઠ જ્ઞાનીને મળવાનો પ્રસંગ અમને મળ્યો હતો; તેની દશા નીચે પ્રમાણે હતી :

પ્રશ્ન : સંસારને યાદ કરો.

ઉત્તર : તે યાદ આવતો નથી

પ્રશ્ન : તોપણ પરાણે યાદ કરો.

ઉત્તર : તોપણ યાદ આવતો નથી.

પ્રશ્ન : ત્યારે શું યાદ આવે છે ?

ઉત્તર : सर्वं खलु इदं ब्रह्म

પ્રશ્ન : ઉપદેશકની માફક એકવાર પણ સંસારને યાદ કરો.

ઉત્તર : મારી દૃષ્ટિમાં બીજા નથી, તો કોને ઉપદેશ આપું?

પ્રશ્ન : એવી દશા રાખો તો સમાજનું ભલું કેવી રીતે થાય ?

ઉત્તર : સ્વપ્નમાંથી જાગેલા માણસને સ્વપ્નના માણસોને મદદ કરવાની ઈચ્છા થતી નથી.

૪૨ : એક વિદ્યાર્થીને પ્રશ્ન

એક ગ્રેજ્યુએટ (બી. એ.) થયેલા વિદ્યાર્થીને અમે નીચે પ્રમાણે પ્રશ્ન પૂછયા હતા. તેની સાથે થયેલી વાતો આ પ્રમાણે હતી :

પ્રશ્ન : તમે શું ભણ્યા છો ?

ઉત્તર : બી. એ.

પ્રશ્ન : તમે શું નથી ભણ્યાં ?

ઉત્તર : ન જાણેલું ઘણું રહી ગયું છે.

પ્રશ્ન : એ વાત સાચી નથી, ન જાણેલી એક જ વસ્તુ છે અને ખોટી જાણેલી અનેક છે.

ઉત્તર : કેવી રીતે ?

પ્રશ્ન : વેદાંતની પ્રતિજ્ઞા એવી છે કે, એકને જાણવાથી સર્વ જાણી શકાય છે. एकं विज्ञानेन सर्वं विज्ञातं भवति, તેથી ન જાણેલી વસ્તુ એક જ છે.

ઉત્તર : તે વધારે ખુલાસાથી સમજાવો.

પ્રશ્ન : તમને કોઈ વખતે સ્વપ્ન આવે છે ?

ઉત્તર : હા.

પ્રશ્ન : તેમાં શું શું આવે છે ?

ઉત્તર : કોઈ વખતે કોલેજમાં ક્લાસ ચાલતો હોય અને હું ત્યાં શીખતો હોઉં એવું સ્વપ્ન આવે છે.

પ્રશ્ન : એમ માનો કે સ્વપ્નમાં તમારા ક્લાસમાં તમે એક, તમારા શિક્ષક અને બીજા સો વિદ્યાર્થી છો; તે બધા મળી કેટલા થાય ?

ઉત્તર : ૧૦૨

પ્રશ્ન : જો ત્યાં ૧૦૨ હોય, તો જાગો ત્યારે ૧૦૨ જાગવા જોઈએ, પણ જાગો ત્યારે એક જ જાગે છે. તે

એક કોણ છે તેનું જ્ઞાન થાય, તો ૧૦૨નું જ્ઞાન પણ થઈ જાય.

ઉત્તર : એ વાત સાચી લાગે છે.

પ્રશ્ન : સ્વપ્નમાં જેમ ન જાણેલી વસ્તુ એક છે. તેમ જાગ્રતમાં પણ જાણેલી વસ્તુ એક છે.

ઉત્તર : એ સમજવું મુશ્કેલ છે.

પ્રશ્ન : જે દશામાં જેવી માયા હોય, તે દશામાં રહીને, તે માયા સમજી શકાશે નહિ, એ માયાનું સ્વરૂપ છે. જેમ સ્વપ્ન વખતે સ્વપ્ન ખોટું લાગતું નથી તેમ જાગ્રત વખતે જાગ્રત ખોટું લાગશે નહિ. જે પ્રમાણથી જે વસ્તુ સિદ્ધ થાય છે, તે પ્રમાણથી તે વસ્તુની નિવૃત્તિ થશે નહિ. માણસે પોતાના જીવનમાં નવી દશામાં આવવું જોઈએ અને તે માટે જ આશ્રમની પદ્ધતિ ઋષિમુનિઓએ ગોઠવેલી છે. બી. એ. એટલે બેચલર ઓફ આર્ટ એટલે જીવન સમજવામાં કુવારો,; એટલે જીવન જેને બરાબર સમજાતું નથી તેને બી.એ. કહે છે. આર્યોની વિદ્યામાં બ્રહ્મચર્યાવસ્થામાં સાચું જ્ઞાન આપવામાં આવતું હતું; તેથી વિદ્યાર્થી બ્રહ્મમાં વિચરી શકતો હતો તેને જ બ્રહ્મચર્ય કહે છે. બેચલર શબ્દમાંથી એવો અર્થ નીકળતો નથી. વળી બ્રહ્મચર્ય અવસ્થા પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ થાય, ત્યારે તેના અમુક નિયમ બાંધેલા છે; તે પછી વાનપ્રસ્થમાં આવી તેના નિયમ પાળવા જોઈએ

અને છેવટે સંન્યાસાશ્રમમાં આવી સંન્યાસીના ધર્મ પાળવા જોઈએ. બ્રહ્મચર્યાવસ્થામાં જ અમે વિદ્યાર્થીઓને એવું શીખવીએ છીએ કે, એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે; તેથી જાણવાની વસ્તુ એક છે.

સંયમ દ્વારા વિદ્યાર્થીને સર્વાત્મભાવ પ્રાપ્ત કરાવવો, એ હિંદુધર્મનું મુખ્ય કામ છે. બધા આશ્રમમાં કાંઈક સંયમ રહેલો હોય છે. તેનાથી જીવન સુધરે છે. હિંદુધર્મમાં આશ્રમ વગર કોઈથી રહી શકાય નહિ.હાલના વિદ્યાર્થીઓને સ્વચ્છંદતા વધારે ગમે છે; તેથી તે રોટલાર્થી અથવા પરીક્ષાર્થી થાય છે, સંયમી વિદ્યાર્થી થતા નથી, તેથી સાચું જ્ઞાન મેળવી શકાતું નથી.

વિદ્યાર્થીનો પ્રશ્ન : તે બાબતની અમને ખબર કેમ પડતી નથી ?

ઉત્તર : જેમ દિવસે અજવાળું છે, છતાં ઘુવડને અંધારું લાગે છે. અજવાળું જોવું હોય તો ઘુવડ ઘુવડ રહીને જોઈ શકે નહિ, તેણે માણસનો સંગ કરવો જોઈએ. એ દૃષ્ટાંત છે; તેમ માણસે એવું જ્ઞાન મેળવવું હોય કે, જેથી એક જાણવાથી બધું જાણી શકાય, તો જેણે એવું જ્ઞાન મેળવેલું હોય તેનો સંગ કરવો જોઈએ. સાધારણ માણસો દૃશ્યને જુએ છે. જ્ઞાની પુરુષો તે દૃશ્ય જે જોનારાને દેખાય છે. તેને કેવી રીતે દેખાય છે તેનો અભ્યાસ કરે છે. સ્વપ્નમાં

ઘણા માણસો દેખાય, છતાં ત્યાં બધા જોનારાનો વિચાર કરીએ તો એક જોનારો સાચો છે; તેવી જ રીતે જાગ્રતમાં પણ એક જોનારો સાચો છે, અનેક જોનારા મિથ્યા છે. શ્રીમદ્ ભાગવતમાં શુકદેવજીએ પરીક્ષિતરાજાને છેવટના ઉપદેશમાં કહેલું છે કે નહિ सत्यस्य नानत्वम्-સત્યમાં ભેદ બનતો નથી. જે જોનારાને જગત દેખાય છે, તે જોનારો સાચો નથી. જે જોનારાને બધે એક દેખાય છે, તે જ જોનારો સાચો છે. જે માણસ બીજાના જીવનનો બહુ વિચાર કરે છે, તેને પોતાને જાણવા માટે પૂરતો વખત રહેતો નથી. સ્વપ્નમાં પણ જે બીજા દેખાય છે તેને જાણવામાં જે મન રોકાય છે, તે સ્વપ્નદૃષ્ટાને તે વખતે જાણી શકતું નથી. જાગ્રતમાં પણ એવી જ ભૂલ થાય છે.

★ ★ ★